ઓગસ્ટ ૨૦૨૨

# દાદાવાણી

કિંમત ₹ ૧૫



## સ્યાદ્વાદ વાણી સચેતન વાણી
## માલિકી વગરની વાણી
## નિષ્પક્ષપાતી વાણી નિરાગ્રહી વાણી
## અવિરોધાભાસ વાણી સર્વમાન્ય
## અનેકાંત વાણી વીતરાગ વાણી

કોઈ પણ જીવને કિંચિત્ માત્ર દુઃખ ના થાય, દરેકનું પ્રમાણ કબૂલ કરે એવી 'આ' (જ્ઞાની પુરુષની) સ્યાદ્વાદ વાણી છે. સ્યાદ્વાદ વાણી એ છેલ્લી વાણી કહેવાય, ટોપમોસ્ટ વાણી કહેવાય.

## જર્મની : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૯ થી ૧૨ જૂન ૨૦૨૨



## પૂજ્યશ્રીનો USA સત્સંગ પ્રવાસ

એટલાન્ટા : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૧૫ થી ૧૮ જૂન ૨૦૨૨



રાલે : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૧૯ થી ૨૨ જૂન ૨૦૨૨



ન્યુ જર્સી : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૩ થી ૨૮ જૂન ૨૦૨૨



વર્ષ : ૨૭, અંક : ૧૨
સળંગ અંક : ૩૨૪
**ઓગષ્ટ ૨૦૨૨**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2022,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
ભારત : ૬૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૫ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## સ્યાદ્વાદ વાણી

### સંપાદકીય

હિન્દુસ્તાનમાં વિવિધ ધર્મોનો સંગમ જોવા મળે છે. અહીં કાયમ 'અમારું' ને 'તમારું' એવા પક્ષો પડતા દેખાય છે, તેમ છતાં એ પક્ષો ખોટા નથી. પોતપોતાના દૃષ્ટિબિંદુ પ્રમાણે દરેક ધર્મની માન્યતા હોય છે, જે કુદરતી રીતે ગોઠવાયેલી હોય છે. પરમ પૂજ્ય દાદા ભગવાને પ્રસ્તુત અંકમાં ધર્મ અને અધ્યાત્મમાં સ્યાદ્વાદ વાણીના સિદ્ધાંતો વૈજ્ઞાનિક રીતે ઊંડાણથી વ્યક્ત કરેલ છે. તેઓ હંમેશાં કહેતા કે દરેક ધર્મો સહુ સહુના સ્ટાન્ડર્ડ પ્રમાણે સાચા છે, પણ સરખા નથી, આ રિલેટિવ ધર્મો આપણને અમુક અંશે ડેવલપ કરશે પણ એમાંથી ફુલ ડેવલપ ના થઈ શકાય. મોક્ષ માટે આઉટ ઓફ સ્ટાન્ડર્ડ એટલે કે વીતરાગ ધર્મનું આરાધન જોઈશે.

જ્યારે મતભેદ પડે ત્યારે દરેકને પોતાનો ધર્મ સાચો લાગે અને અનેકાંતમાં બધાના ધર્મો સાચા લાગે. એટલે એમાં ત્રણસો સાઠેય ડિગ્રી માન્ય હોય. અનેકાંત એટલે વાદી-પ્રતિવાદી બન્ને કબૂલ કરે. દાદાશ્રી હંમેશાં કહેતા કે અમારે કોઈ ધર્મ જોડે મતભેદ નથી. કારણ કે અમે સેન્ટરમાં છીએ, માટે અમને બધી રેડીયસ સરખી લાગે. જે બધા દૃષ્ટિબિંદુઓને સમાવી લે એવો નિષ્પક્ષપાતી, સ્યાદ્વાદ વીતરાગ ધર્મ. વીતરાગ ધર્મમાં વીતરાગ વાણી કોને કહેવાય કે દરેક ધર્મવાળા ખુશ થઈને સાંભળે, કોઈને હરકત ના કરે, બધાને હિતકારી થઈ પડે. વીતરાગ વાણી એ જ સ્યાદ્વાદ વાણી. સ્યાદ્વાદ વાણી શું કહે છે ? તમે એવું બોલો કે પાંચ જણ લાભને પામે ને કોઈનેય ડખો ના થાય, એ વાણીથી દુઃખનો અભાવ થાય અને કાયમી આત્યંતિક સુખની અનુભૂતિ થાય.

સ્યાદ્વાદ વાણી એટલે કે ધર્મની બાબતમાં કોઈનું પણ પ્રમાણ ના દુભાય. કોઈ પણ માણસનું દૃષ્ટિબિંદુ સહેજ પણ ના દુભાય એવી વાણી એટલે સ્યાદ્વાદ વાણી. સ્યાદ્વાદ વાણી એ તો દરેકની માન્યતાને હેલ્પ કરીને પૂર્ણ સિદ્ધાંત (સેન્ટર) તરફ લઈ જાય ને કોઈનીય માન્યતાને તોડે નહીં. સ્યાદ્વાદ વાણી એ જ મોટામાં મોટું દુઃખ મટાડવાનું ઔષધ છે. આધ્યાત્મિક પ્રગતિની પારાશીશી શું ? એની સ્યાદ્વાદ વાણીમાં ઝળકતી વીતરાગતા.

સ્યાદ્વાદ વાણી સિવાય કોઈનુંય આત્યંતિક કલ્યાણ નહીં થયેલું. તેથી મહાત્માઓએ જ્ઞાનીની સ્યાદ્વાદ વાણી શું છે તે સમજ સમજ કરવાનું છે. દાદાશ્રી હંમેશાં કહેતા કે તેઓ પોતે ચાલીસ વર્ષ સુધી નવ કલમોના ભાવ પુરુષાર્થમાં વર્ત્યા હતા. તેના પરિણામે આવી સ્યાદ્વાદ વાણી પ્રાપ્ત થઈ છે. આપણે પણ હવે નવ કલમોનો ભાવ પુરુષાર્થ માંડી એવા કોઝિઝ નાખવા છે કે મારી વાણીથી કોઈને પણ દુઃખ ના હો અને સુખ જ હો. જેના પરિણામે ધીમે ધીમે સહજ સ્યાદ્વાદ વાણી પ્રાપ્ત થાય એવી હૃદયથી અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# સ્યાદ્વાદ વાણી

## સ્યાદ્વાદ વાણીની પરિભાષા

**પ્રશ્નકર્તા :** માણસ (અધ્યાત્મમાં) કેટલી ડિગ્રી સુધી પહોંચ્યો છે, તે શી રીતે ખબર પડે ?

**દાદાશ્રી :** એની વાણી પરથી ખબર પડે. ૧૮૦ ડિગ્રીએ પહોંચે ત્યાં સુધી કશું વજન પડે નહીં એનું. એ તો ૩૦૦ ડિગ્રીએ આવે ત્યારે કંઈ રાગે પડે. છેવટે ૩૬૦ ડિગ્રીએ પહોંચવાનું છે. વાણી વીતરાગી હોય, એમાં રાગ-દ્વેષ ના હોય એવી વાણી હોય તો એનું વજન પડે.

સ્યાદ્વાદ વાણી ન હોય ને, તો એ શબ્દ કેટલાંકને હિતકારી થઈ પડે ને કેટલાંકને નુકસાનકારક થઈ પડે. અને સ્યાદ્વાદ વાણી હોય તો બધાને હિતકારી થઈ પડે.

**પ્રશ્નકર્તા :** સ્યાદ્વાદ વાણી કોને કહેવાય ?

**દાદાશ્રી :** કોઈ પણ માણસનું દૃષ્ટિબિંદુ ના દુભાય એવી રીતે વાણી નીકળે એનું નામ સ્યાદ્વાદ વાણી.

આપણી અહીં આગળ બધી નાતના આવ્યા હોય, બધી જાતના, અભણ, ભણેલા, પણ એમાં કોઈનુંય પ્રમાણ ના દુભાય, એનું નામ સ્યાદ્વાદ વાણી.

સ્યાદ્વાદ વાણી એને કહેવાય, કે દરેક ધર્મવાળા ખુશ થઈને સાંભળે, બધાને ગમે. મોટી ઉંમરના માજી હોય જે ગુજરાતી ભણ્યા નથી, તેનેય ગમે. દોઢ વર્ષના બાળકનેય ગમે. ભલે સમજતો નથી, પણ તેનેય ગમે તો જાણવું કે અહીં સાચો ધર્મ છે અને સ્યાદ્વાદ વાણી છે. દોઢ વર્ષના છોકરાં ઊઠીને જો જતા રહે અને પાંચ વર્ષના છોકરાં રડતા હોય તો જાણવું કે અહીં સાચો માર્ગ નથી. અહીં તો વાતાવરણ જ આનંદવાળું હોય. છોકરાં ખસે નહીં. સમજણ પડી કે ના પડી, એની જરૂર નથી. જ્ઞાની પુરુષની વાણી બધાને સમજાઈ જ જાય. સહુ સહુની ભાષામાં સમજાઈ જાય, એની એક્ઝેક્ટનેસમાં આવી જાય.

## પ્રમાણ ના દુભાય તે સ્યાદ્વાદ વાણી

સ્યાદ્વાદ વાણી એટલે ધર્મની બાબતમાં કોઈનું સહેજ પણ પ્રમાણ ના દુભાય એવી વાણી. એટલે જ્યાં આગળ સ્થાનકવાસી બેઠા હોય, દેરાવાસી બેઠા હોય, દિગંબરી બેઠા હોય, વૈષ્ણવ બેઠા હોય, મુસલમાન બેઠા હોય, બધા હોય પણ કોઈનું પ્રમાણ ના દુભાય, એમને બધાને સરખું સમજાય, એ સ્યાદ્વાણી. ભલે ને, એનું પ્રમાણ પાંચ અંશનું હોય, પણ એ પ્રમાણ ના દુભાવવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** કોઈ પણ ધર્મનું કિંચિત્માત્ર પ્રમાણ ના દુભાય, તો ધર્મનું પ્રમાણ એટલે શું ?

**દાદાશ્રી :** (ધર્મનું) પ્રમાણ એટલે એનું કંઈ પણ પ્રમાણ હોય તે. અમુક જ્ઞાન સો ટકા હોય, અમુક જ્ઞાન એંસી ટકા હોય, કોઈને સિત્તેર ટકા હોય, કોઈને સાઠ ટકા હોય, પણ સાઠ ટકાનું પિસ્તાલીસ ટકા ના બોલાય. સાઠ ટકા, તેનું પિસ્તાલીસ ટકા બોલે તો તેનું પ્રમાણ ઓછું થઈ ગયું, એ પ્રમાણ દુભાયું કહેવાય. જેટલી ડિગ્રીનું છે એટલું કહેવું જોઈએ.

## દરેક ધર્મો સાચા, પણ સરખા નહીં

આ દરેક ધર્મ છે તે બધાય સાચા છે, પણ સરખા નથી. કોઈ ધર્મ આ બાબા જેવડા (નાના)

છે, કોઈ આવડા છે, કોઈ મોટા છે. સહુથી મોટામાં મોટા ધર્મો બે છે, એક વેદાંત ધર્મ અને એક જૈન ધર્મ. એ બન્ને ફુલ્લી ડેવલપ થયેલા છે, બીજા બધા ફુલ્લી ડેવલપ થયેલા નથી.

એટલે દરેક ધર્મ છે તે બાળકથી માંડી તે ઘૈડપણ સુધીના બધા જ (લેવલના) ધર્મો છે. એક ડિગ્રીથી માંડી ને ત્રણસો સાઠ ડિગ્રી સુધીના ધર્મો છે. આ બધા ધર્મો સાચા છે કહેવાય, પણ સરખા છે એમ ના કહેવાય. એમ કહેવાથી પ્રમાણ બધું દુભાયું કહેવાય. એ સમજણ નથી એટલે એમ કહે છે કે બધા ધર્મ સરખા છે. બધા ધર્મ સરખા હોય નહીં ને ! બધા ધર્મ સરખા કહેવા એ ગુનો છે. સરખા કહીએ તો તો પછી એનો અર્થ જ નહીં રહ્યો ને ! બે, પાંચ, દસ ડિગ્રીયે સરખી અને ત્રણસો ડિગ્રીયે સરખી, એવું કહેવાય ?

**પ્રશ્નકર્તા :** ના કહેવાય.

**દાદાશ્રી :** ડિગ્રી પ્રમાણે ફેરફાર છે. આ ધર્મ આ ડિગ્રીનો છે, પેલો ધર્મ આ ડિગ્રીનો છે, એમ ખ્યાલમાં હોવું જોઈએ. એટલે અહીં કોઈ ધર્મનું પ્રમાણ ના દુભાય. કારણ કે અમારી સ્યાદ્‌વાદ વાણી હોય. એ પક્ષપાતી ના હોય અને કોઈ ધર્મનું પ્રમાણ ના દુભાય એવી હોય.

'બધા ધર્મ સરખા છે' કહેનારને ભયંકર આફતો આવે. કારણ કે જે ત્રણસો ડિગ્રીના છે, સવા ત્રણસો ડિગ્રીના છે, એ બધા ધર્મોની તમે હિંસા કરો છો ! અને ધર્મ એ જ્ઞાન છે અને જ્ઞાન એ આત્મા છે, એટલે એ આત્માની હિંસા થયા બરાબર છે. એટલે (સરખા) બોલાય નહીં, એક અક્ષરેય બોલાય નહીં. સરખા હોય જ નહીં, કોઈ દહાડોય સરખા હોય નહીં. એક ભાઈ કહે છે, 'બધાય ધર્મો સરખા જ છે ને ?' ત્યારે મેં કહ્યું, 'તમારા ઘરના બધા માણસો સરખા છે ?' ત્યારે એ કહે છે, 'ઉંમરમાં ફેર છે.' મેં કહ્યું, 'બીજો કોઈ ફેર નથી દેખાતો ?'

અને સરખામણીમાં આપણે ન પડવું, બને ત્યાં સુધી. કારણ કે જવાબદારી ખરી ને ! સરખામણી કરનારની નહીં જવાબદારી ? આ બધા હીરા સરખા છે એમ કહે તો ? ઝવેરી એવું બોલે ખરા કે હીરા બધા સરખા છે ? એવું ઝવેરી બોલે ખરા ? ના બોલે. કારણ કે જવાબદારી છે. અણસમજુને વાંધો નહીં. પણ તોય એને જોખમદારી તો ખરી જ ને !

અહીંયા બધી સ્ત્રીઓ જતી હોય, એમાં બે-ચાર સતી જેવી હોય, બે-ચાર એવી હોય ને આપણે કહીએ, 'બધી સરખી જ છે,' તો જોખમદારી ખરી ?

**પ્રશ્નકર્તા :** ચોક્કસ.

**દાદાશ્રી :** શી જોખમદારી ? એટલે કોઈ સતીયે ના રહી અને કોઈ વેશ્યાય ના રહી, બધું સરખું કહેવાય. એવું ના હોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** તો રાગી અને વીતરાગી સરખા કરી નાખ્યા.

**દાદાશ્રી :** હા, બધા સરખા કરી નાખ્યા. એનો અર્થ જ નહીં ને ! એના કરતા બોલવું નહીં એ સારું. જોખમદારી સમજ્યા વગર બોલવું નહીં એ સારું કહેવાય. એનો અભિપ્રાય આપણે ના આપવો જોઈએ કે 'બધી જ ખરાબ છે કે બધી સારી છે.' છતાં 'સારી છે' બોલશો તો થોડુંક નભાવી લેશે, પણ 'ખરાબ' તો બોલાય જ નહીં. એવી રીતે 'આ બધા ધર્મો સરખા છે' એવું ક્યારેય ના બોલાય.

### બધા સ્ટાન્ડર્ડની જરૂર

**પ્રશ્નકર્તા :** એટલે આ બધા ધર્મો સરખા નથી.

**દાદાશ્રી :** હા, ધર્મો સહુ સહુના ગ્રેડેશનમાં સાચા છે. જેમ ફર્સ્ટ સ્ટાન્ડર્ડ, સેકન્ડ સ્ટાન્ડર્ડ, તે કૉલેજ સુધી હોય, તે બધાય સાચા છે પણ બધા સ્ટાન્ડર્ડવાળા છે, એવું દરેક ધર્મનું એમનું અમુક સ્ટાન્ડર્ડ છે. એમાં પુનર્જન્મને સમજે છે એ હાયર સ્ટાન્ડર્ડના લોકો છે. હિન્દુ અને જૈન, એ લોકો પુનર્જન્મને માને છે, એટલે એ ડેવલપ થયેલા છે. જ્યારે પુનર્જન્મને સમજે નહીં એ લોકો એટલા બધા ડેવલપ નથી.

આ સ્ટાન્ડર્ડો કુદરતના ગોઠવાયેલા છે. એટલે આ જે પુનર્જન્મને નથી માનતા ને, તે ધર્મવાળાયે સાચા છે. એ એમના સ્ટાન્ડર્ડમાં બિલકુલ કરેક્ટ છે. એથી વધારે આગળ જવું એમના માટે ભૂલ ભરેલું છે. અહીં આવે ત્યારે ડેવલપ થયેલો હોય, પુનર્જન્મને સમજતો થયો હોય. અને ડેવલપ થયો એટલે મુક્તિના માર્ગ ઉપર આવે.

બધા પોતપોતાની રીતે સાચા જ છે. કોઈને ખોટો માનશો જ નહીં. દરેક ધર્મવાળા પોતાના ધર્મને એમ કહે છે કે 'અમારા જેવો ઉત્તમ ધર્મ બીજો કોઈ નથી.' જો એવું ના કહે તો લોકો બીજા ધર્મમાં જતા રહે અને ખરેખર છે એ સેકન્ડમાં, સેકન્ડનો માણસ મેટ્રિકમાં બેસે એના જેવું થાય એને. અને આ સંપ્રદાય બધા એકાંતિક કહેવાય. એ બધા આગ્રહ લઈને બેઠેલા કે આ પ્રમાણે જ !

**પ્રશ્નકર્તા :** પણ 'અમે જ સાચા છે' એવો આગ્રહ તો ન રખાય ને ?

**દાદાશ્રી :** આગ્રહ રાખે, એ તો પછી એનો માર પડે.

**પ્રશ્નકર્તા :** એ લોકોએ જે આગ્રહો લીધા હોય, એ તો બધા નકામા જ ને ?

**દાદાશ્રી :** ના, એ આગ્રહ કરતા કરતા જ સ્ટાન્ડર્ડમાં આગળ વધે. એટલે આ જગતમાં કોઈ ખોટું નથી, સહુ સહુની જગ્યાએ શોભી રહ્યા છે.

હવે એ લોકોને કાઢી નાખવા જેવા નથી. કારણ કે સર્વ ધર્મ છે, એ કોઈ ખોટા નથી. અને દરેક સ્ટાન્ડર્ડની જરૂર છે. ત્યારે લોકો કૉલેજમાં આવ્યા પછી શું કહે છે ? કહે છે, 'અલ્યા, આ બાળમંદિર ને આ ફર્સ્ટ સ્ટાન્ડર્ડ ને સેકન્ડ સ્ટાન્ડર્ડ, ને મેટ્રિક સુધીનું શું કામ છે ? એ ફર્સ્ટ સ્ટાન્ડર્ડ, સેકન્ડ સ્ટાન્ડર્ડ... એ બધું કાઢી નાખો ને !' અલ્યા, ત્યાંથી જ તું આવ્યો ! હવે બીજા લોકોને આવવા એ બધું નહીં જોઈએ ? એટલે એ બધા સ્ટાન્ડર્ડોની જરૂર છે. સ્ટાન્ડર્ડોમાં પાસ થાય તેમ તેમ આગળ આવે. જેમ ગ્રેજ્યુએટ થવું હોય તો ફર્સ્ટ સ્ટાન્ડર્ડમાંથી બેસે, તે બેસતો બેસતો આગળ વધતો વધતો આવે. એવી રીતે આ સંપ્રદાયો એ સ્ટાન્ડર્ડો છે, એની જરૂર છે. પણ પ્યોરિટી જોઈએ. એટલે આ જેટલા ઉપદેશકો છે એ બધાયની જરૂર છે. આ તો કહેશે, 'બધા સ્ટેશનો કાઢી નાખો.' પણ બધા સ્ટેશનો છે તેથી તો રેલ્વે કહેવાય છે ! અને રેલ્વે છે તેથી તો તું અહીં આવ્યો ! ત્યારે એ કહે છે, 'ના, હવે આમ ના જોઈએ.' પણ એવું ચાલતું હશે ? એટલે બધાય ધર્મોની જરૂર છે, બધા સ્ટેશનોની જરૂર છે, આખી રેલ્વે લાઈનની જરૂર છે ! પણ જેને એ ધર્મમાં ના પોષાતું હોય, તે આમાં આગળ આવે. જેને પોતાના ધર્મથી સંતોષ ના થતો હોય, જેને બંધન ના ગમતું હોય તે આગળ આવે. એ સ્ટાન્ડર્ડના માણસોને કેમ કરીને આગળ વધે એવો એને ઉપદેશ આપવાની જરૂર છે.

## અધ્યાત્મ, હૃદયમાર્ગીવાળા માટે

કોઈ ધર્મ સરખો હોય નહીં. કોઈ એકસો સાઠ ડિગ્રીનો, કોઈ એકસો અઠ્ઠાવન ડિગ્રીનો,

કોઈ એકસો ચાલીસ ડિગ્રીનો હોય. હવે આમાં જે હૃદયમાર્ગી માર્ગ છે એ બધા જ અધ્યાત્મ પર જઈ રહ્યા છે. અને જે બુદ્ધિમાર્ગી માર્ગ છે એ અધ્યાત્મ નથી, એ યોગિક માર્ગમાં છે. તે યોગિક માર્ગ તો મનોયોગ સુધી ગયા છે. એથી આગળ કોઈ છે નહીં. એટલે એ સ્થિરતા કરવા માટે સારો રસ્તો છે. લોકોને જે સ્ટાન્ડર્ડોની જરૂર છે, તે સ્ટાન્ડર્ડો હોય છે બધા. કારણ કે એક સ્ટાન્ડર્ડમાં પૂરા ના થાય તો પછી આગળ વધે કેવી રીતે ? આ જગત બધું વહેતું છે, અને એમાં સ્ટાન્ડર્ડો ઊભા થયેલા છે. (આ સ્ટાન્ડર્ડ) અને વાડાઓ તો લોકોએ કરેલા છે. પેલો કહેશે, 'મારું સાચું.' ત્યારે પેલો કહેશે, 'મારું સાચું.' આ કહેશે, 'મારું સાચું.' આમ બધા વાડા પડ્યા છે. અને 'જ્ઞાની પુરુષ' બધું એક કરી આપે. જ્ઞાનીઓ બધું એક કરે અને લોકો જુદું પાડે.

**પ્રશ્નકર્તા :** પણ આ સંસાર અનાદિથી ચાલ્યા કરે છે, એમાં આટલા બધા ધર્મના વાડાઓ કેમ ?

**દાદાશ્રી :** આ બધા માણસો બેઠા છે તે એક જગ્યાએ બેસી શકે ખરા ?

**પ્રશ્નકર્તા :** ન બેસી શકે.

**દાદાશ્રી :** સહુ સહુની જગ્યાએ હોય ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એવી રીતે આ સહુ સહુની જગ્યાના, જ્યાં એ ઊભો છે ત્યાં એવો ધર્મ એને મળી આવે છે. જે જે સ્ટાન્ડર્ડ છે ને, એ એની સ્પેસને આધીન છે. અમુક સ્પેસના માણસો એ અમુક સ્ટાન્ડર્ડમાં જ હોય.

**પ્રશ્નકર્તા :** છેવટે બધા સ્ટાન્ડર્ડોને છોડવા પડે ને ?

**દાદાશ્રી :** હા. આગળ વધતા વધતા સ્ટાન્ડર્ડોની બહાર નીકળવું પડશે. જ્યારે ત્યારે અનેકાંત થવું પડશે. બાકી જગત આખું એકાંતિક વાણીમાં છે.

**પ્રશ્નકર્તા :** આપ કહો છો ને, ત્રીજું પગથિયું હોય ને ઉપર જવું હોય તો એ પગથિયું છોડવું જ પડે.

**દાદાશ્રી :** હા, એ તો છોડવું જ પડે. તોય કેટલાક કહે છે, 'પગથિયું હું જોડે લઈને આવીશ.' ત્યારે મેં કહ્યું. 'અલ્યા, એમ ના અવાય !'

## 'સેન્ટર'માં મતભેદ નહીં

**પ્રશ્નકર્તા :** તો ધર્મોમાં આટલી બધી ભિન્નતા શા માટે ?

**દાદાશ્રી :** ભિન્નતા છે જ નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, એક મત પ્રમાણે આત્મા અનેક છે, એક મત પ્રમાણે આત્મા એક છે, એક મત પ્રમાણે આત્મા ને પ્રકૃતિ એ બન્ને એક જ છે.

**દાદાશ્રી :** એ બધા સ્ટાન્ડર્ડ ભેદ છે. આ સેન્ટરમાં વસ્તુ છે અને આ ત્રણસો સાઠ ડિગ્રીઓ છે. હવે આ સેન્ટરની વસ્તુ તમે અહીં આ ડિગ્રી પર રહીને જુઓ તો તમને જે દેખાય અને બીજો માણસ પેલી ડિગ્રી પર રહીને જુએ, તો એમાં ફેરફાર દેખાય કે ના દેખાય ?

**પ્રશ્નકર્તા :** દેખાય.

**દાદાશ્રી :** દરેક ડિગ્રીવાળાને ફેરફાર દેખાય ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** શાથી ? વસ્તુ તો એક જ છે, પણ પોતપોતાની ડિગ્રીથી જોઈ રહ્યા છે. એટલે આને અને આને મતભેદ છે. એવો દરેકને મતભેદ

હોય. તમને સમજાય એ વાત ? એટલે દરેકને મતભેદ હોય કે ના હોય ?

**પ્રશ્નકર્તા :** મતભેદ હોઈ શકે.

**દાદાશ્રી :** એવી રીતે વસ્તુ એક જ છે, પણ આ બધાને પોતપોતાની સમજણથી મતભેદ છે. આ સમજાય છે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હવે હું બધે ફરીને અહીં સેન્ટરમાં આવ્યો, ત્યારે મારે કોઈની જોડે મતભેદ જ નથી. કારણ કે હું સેન્ટરમાં આવેલો છું. હું દરેક ડિગ્રીને ઓળખું. તમે ક્યાંથી બોલી રહ્યા છો, એ હું સમજી ગયો. તમે દોઢસો ડિગ્રી ઉપર હો અને એકસો એંસી ડિગ્રીવાળો તમને કહેશે કે 'તમારું ખોટું છે' ત્યારે તમને મતભેદ પડે. એટલે હું તમને શું કહું ? 'તમે એકસો એંસી ડિગ્રી પર જાવ' ને એકસો એંસી ડિગ્રીવાળાને દોઢસો ડિગ્રી પર બોલાવું ત્યારે તમે કહેશો કે 'ના, કરેક્ટ છે.' દુનિયામાં કોઈ જીવ જોડે મારે મતભેદ નથી. કારણ કે નાનું બે વર્ષનું છોકરું નાગું ફરતું હોય તો એને ખોટું કહેવાય જ નહીં. અને પચ્ચીસ વર્ષનો નાગો ફરતો હોય તો ?

**પ્રશ્નકર્તા :** ખોટું કહેવાય.

**દાદાશ્રી :** હા, એવું દરેકનું સ્ટાન્ડર્ડ હોય.

## સંપ્રદાય એટલે સ્ટાન્ડર્ડ

**પ્રશ્નકર્તા :** આટલા બધા જે સંપ્રદાયો છે, એ થોડે-ઘણે અંશે તો પોતાની રીતે સાચા ખરા ને ?

**દાદાશ્રી :** સાચા છે, પણ મહીંથી ફળ શું આવ્યું ? આ હિન્દુસ્તાનની જે દશા છે તે જ ને ! એકુંય માણસ ચિંતા રહિત થયેલો ખોળી આપશો ? ચિંતા રહિત કે અહંકાર રહિત હોય એવો કોઈ માણસ દેખાડશો ? આ તો બધું ઊંધું જ ચિતર્યું ને ઊંધું જ કર્યું ! એ તો પછી દરેકની પોતાની પ્રકૃતિના આધારનું સ્ટાન્ડર્ડ ઊભું થાય. પ્રકૃતિના ટોળા બધા ભેગા થઈ જ જાય ને ?

સંપ્રદાય કોનું નામ કહેવાય, પોતે એક જાતનો આગ્રહ નક્કી કરે કે ભાઈ, આ પ્રમાણે આટલી જ બાઉન્ડ્રી, આ પ્રમાણે વર્તન કરવું, આચાર ને એ બધું ત્યાં નિયમન કરેલું હોય. એટલે એક જાતનો નક્કી કરેલો અભિપ્રાય, કે 'આટલા જ ધ્યેયમાં રહેવાનું, આથી વધારે નહીં.' સીમિત ધ્યેય ! હા, અમુક આટલો જ ભાગ એટલે સ્ટાન્ડર્ડ !

સંપ્રદાય એટલે સ્ટાન્ડર્ડ. ફર્સ્ટ સ્ટાન્ડર્ડ, સેકન્ડ સ્ટાન્ડર્ડ, થર્ડ સ્ટાન્ડર્ડ. સંપ્રદાય વગર બિનસંપ્રદાય (આઉટ ઓફ સ્ટાન્ડર્ડ) હોઈ શકે નહીં. સંપ્રદાયમાંથી આવતા આવતા બિનસંપ્રદાય થવાની જરૂર. સીધો બિનસંપ્રદાય થઈ શકે નહીં.

## સંપ્રદાયના સ્ટાન્ડર્ડથી ડેવલપમેન્ટ

**પ્રશ્નકર્તા :** (દરેક સંપ્રદાયમાં) ધર્મના જે એકતા સંમેલન થાય છે, એના વિશે આપનો શો અભિપ્રાય છે ?

**દાદાશ્રી :** એવું છે ને, એની 'જરૂર નથી' એમ બોલવું એ ગુનો છે. 'જરૂર છે' એવું બોલવું તેય ગુનો છે. એવી વસ્તુ છે એ. કારણ કે ખેંચ તો ચાલ્યા જ કરવાની. દરેક ધર્મના પોતાના સંમેલન ને એ બધું રહેવાનું જ. એટલે પેલા ખેંચે આમ ત્યારે આ ખેંચે આમ. એ ચાલ્યા જ કરવાનું. આ અભિપ્રાય છે એક જાતના બન્નેના. એમાં બિલકુલ બિનસંપ્રદાય હોઈ શકે નહીં બધા. બિનસંપ્રદાય તો અમુક જ માણસ હોય, બધા હોઈ શકે નહીં. એટલે એક બાજુ આ ખેંચે, એટલે પેલા હોય જ

સામી બાજુ. અને ખેંચ હોય ત્યાં સ્યાદ્‌વાદ વાણી ના હોય.

**પ્રશ્નકર્તા :** કેટલાક સંતો ધર્મમાં ખેંચ રાખવાની ના પાડે છે.

**દાદાશ્રી :** એ ના પાડે તેથી કંઈ ચાલે નહીં ને ! કૉલેજના છોકરાંઓ ડિરેક્ટ કૉલેજમાં જ આવી શકે ? વચ્ચે બધા સ્ટાન્ડર્ડ જોઈએ. એટલે ના પાડીએ તો એ ચાલે નહીં કશું. છોકરાંઓ તો ડિરેક્ટ કૉલેજમાં કેમ કરીને આવી શકે ? એની રીત તો હોય ને ! એટલે સંપ્રદાય ના હોય ત્યાં કશું ડેવલપ જ ના થાય.

## ધર્મોનો હેતુ શો ?

**પ્રશ્નકર્તા :** આ બધા ધર્મોનો હેતુ તો મોક્ષ જ છે ને ?

**દાદાશ્રી :** પણ કેટલાક ધર્મો તો મોક્ષ સમજતા જ નથી. છતાંય બધા ધર્મનો હેતુ શું છે ? દુઃખ ના પડે અને સુખ જ રહે, એવું ખોળે છે. દરેક જીવને દુઃખ ગમતું નથી, એને સુખ જ ગમે છે. અને તે સુખ પાછું અધકચરું નહીં, કાયમને માટે રહે એવું જોઈએ છે. એટલે ધર્મ શું કહે છે કે 'ભઈ, તમે ધર્મ કરશો તો તમને કાયમનું સુખ મળશે.' એટલે બધા ધર્મોનું એક જ કહેવું છે. હવે કાયમનું સુખ ક્યાં થાય ? પોતાની મુક્તિ થાય તો જ કાયમનું સુખ થાય.

## 'વ્યૂ પૉઈન્ટ' ત્યાં 'રિલેટિવ ધર્મ'

રિલેટિવ ધર્મો એ શું છે ? ડિફરન્ટ વ્યૂઝ (જુદા જુદા દૃષ્ટિબિંદુ) છે. કારણ કે આ બધી ડિગ્રીઓ ડિફરન્ટ (જુદી જુદી) છે. ત્રણસો સાઠ ડિગ્રી ઉપર આખા જગતના લોકોની બિલીફો છે. એ જ્ઞાન નથી, બિલીફ છે. એને જેવું દેખાય છે એવું એ બોલે છે. વ્યૂ પૉઈન્ટ ! દરેક પોતાના દૃષ્ટિબિંદુને જ રજૂ કરે છે. 'આ હું કહું છું તે જ સાચું છે' એવું કહે.

**પ્રશ્નકર્તા :** દરેક લોકોની દૃષ્ટિ વિચારવા તૈયાર જ ન હોય, એમ ને ?

**દાદાશ્રી :** એ એવું જ સમજે કે આ હું જે દેખું છું એ જ ખરું, બીજું બધું ખોટું છે આ દુનિયાનું. એને ભાન નથી કે આથીયે ઊંચું દર્શન હોય છે. અને તે દરેકને જ એવું લાગે કે હું દેખું છું તે જ ખરું છે. કારણ કે એને દેખાય છે. જ્યારે સ્યાદ્‌વાદ તે તેને કોઈ હરકત નથી, એને ઝઘડો જ ના હોય ને ! કારણ કે ધર્મના બધા પ્રમાણ છે ત્રણસો સાઠ ડિગ્રીના, પણ એકુંય ડિગ્રીનું પ્રમાણ ન દુભાય, બધા પ્રમાણને કિંચિત્‌માત્ર હરકત ના થાય એવી વાણી, એનું નામ સ્યાદ્‌વાદ વાણી.

## સેન્ટરમાં હોય અનેકાંત

જગત આખું એકાંતિક છે. એક કહે છે, 'અમારી એકસો એંસી ડિગ્રી સાચી છે.' પેલો કહે છે, 'અમારી એકસો સાઠ ડિગ્રી સાચી છે.' અને તેય પછી મતભેદ પડે ત્યારે દરેક પોતાનું જ સાચું કહે. અને આ અનેકાંત શું કહે છે ? 'બધાનું સાચું છે.' ત્રણસો સાઠેય ડિગ્રી અમને માન્ય છે. કારણ કે હું સેન્ટરમાં બેઠેલો છું. આખું જગત ત્રણસો સાઠ ડિગ્રીના વ્યૂ પૉઈન્ટમાં જ પડેલું છે. મને બધા વ્યૂ પૉઈન્ટ, બધી 'રેડિયસ' સરખી જ હોય. અમારે 'ચેન્જ' હોય નહીં ને ! અમારે કોઈ જોડે કશી ડખોડખલ હોય નહીં ને ! અમારે આખા 'વર્લ્ડ' જોડે મતભેદ નથી. કોઈ ગાળો ભાંડે તોય હું કહું 'ઉપકારી છે, આવ, બેસ !'

મને કોઈએ કહ્યું હોય કે 'તમે ચોર છો, દાદા' તો તમને બધાને રીસ ચઢે કે 'દાદાને વળી

ચોર કહેનારો ક્યાંથી પાક્યો ?' પણ મને રીસ ના ચઢે. હું કહું, કે 'ભઈ, તું કહે હવે, હું કેવી રીતે ચોર છું એ મને તું સમજાવ.' ત્યારે એ કહે છે, 'દાદા, તમારા કોટની પાછળ લખ્યું છે કે દાદા ચોર છે.' હું કહું, કે 'કરેક્ટ છે વાત.' હું જોઈ લઉં. વાત કંઈ ખોટી છે ? એણે જોયું ત્યારે જ એ બોલે ને ! અમથી મારામારી કરીએ તેનો શો અર્થ ? કોઈનું ખોટું હોય નહીં. નહીં તો એમ ને એમ એ બોલે જ કેમ કરીને ? કંઈ પણ દૃષ્ટિ ઊભી થઈ હશે. કોઈકે કહ્યું હોય ને એને દૃષ્ટિ ઊભી થઈ હોય, એવુંયે બને. એ કહેશે, કે 'મને આ ફલાણા કહેતા હતા.' હું કહું, 'કરેક્ટ વાત છે. વાત કરેક્ટ જ છે, પણ એ તારી દૃષ્ટિથી કરેક્ટ છે.' ખોટું બોલે જ નહીં કોઈ, સાચું જ બોલે. જેવું દેખાય એવું જ બોલે ને ! પણ 'દાદા ચોર છે' એવું કહે તો ચીઢાશો નહીં. આ તો દુનિયા છે ! બધી જાતના સ્વાદ ના હોય તો દુનિયા કહેવાય જ નહીં ને !

### વાદી-પ્રતિવાદીનેય માન્ય

આ 'અક્રમ વિજ્ઞાન' છે, એટલે તરત જ કામ કરવાવાળું, ઑન ધી મૉમેન્ટ ! આપણે તો મોક્ષ માટે વાડાની બહાર નીકળ્યા હવે. સાંપ્રદાયિક મત એટલે શું ? વાડો. અને આ તો વૈજ્ઞાનિક છે, વૈજ્ઞાનિક ધર્મ.

**પ્રશ્નકર્તા :** અનેકાંત.

**દાદાશ્રી :** હા, અનેકાંત ! એટલે પ્રતિવાદી પણ કબૂલ કરે અને જજેય કબૂલ કરે. સર્વમાન્ય હોય. પણ સમજણ ના હોય ત્યાં માન્ય નાય હોય વખતે.

**પ્રશ્નકર્તા :** ભલે ન માનો, પણ વાણી તો કોઈને ન ખૂંચે એવી હોય.

**દાદાશ્રી :** એ પ્યૉર હોય. ત્યાં સગાઈ કે કશું હોય નહીં ને !

**પ્રશ્નકર્તા :** સ્યાદ્વાદમાં વિવાદ હોય ?

**દાદાશ્રી :** ના. એવું છે, હવે સ્યાદ્વાદ ના હોય તો સંવાદ હોય. સંવાદમાંથી વાદ આવે, વાદમાંથી વિવાદ આવે. કોર્ટમાં વિવાદ કરે છે ને ? એવું બધું થઈ જાય.

અને સ્યાદ્વાદ વાણી એટલે તો પ્રમાણ વાણી ! તે વાદી અને પ્રતિવાદી બન્ને કબૂલ કરે. પ્રતિવાદીયે એમ કહે કે 'વાત તમારી ખરી છે, પણ અમારે માનવું નથી સાહેબ.' એનું નામ સ્યાદ્વાદ. અને તો જ કામ થાય. સ્યાદ્વાદ વાણી વગર કામ થાય નહીં. એક તરફી વાણી હોય, વાદી તરફી વાણી હોય, એ એકાંતિક થઈ ગઈ કહેવાય. જે વાણીને પ્રમાણ માનવામાં આવે એ સ્યાદ્વાદ વાણી ! પ્રતિવાદીએ કહે કે 'સાચી વાત છે,' અને વાદી તો કહે જ.

પ્રમાણ જેને આપણા લોક કહે છે ને, કે આપની વાત તો પ્રમાણ ! વીતરાગ વાણી સપ્રમાણ હોય, પ્રમાણ માનવામાં આવે. પેલોય કહે, 'તમે કહ્યું એટલે અમારે કબૂલ છે. હવે અમારે બીજો વિચાર કરવાની જરૂર નથી.' એને પ્રમાણ કહેવામાં આવે છે. એનું નામ વીતરાગ વાણી. અને આપણને મહીં પ્રમાણ ના લાગે તો જાણવું કે આ વીતરાગ વાણી નથી, પક્ષપાતી વાણી છે. વીતરાગ વાણી કોનું નામ કહેવાય ? જે વાણી વાદી-પ્રતિવાદી બન્નેને કબૂલ હોય. ધન્ય છે એ વીતરાગ વાણીને !

અને અમારી તો વીતરાગ વાત ને ! એટલે વાદી અને પ્રતિવાદી બન્ને કબૂલ કરે. પછી એને આરાધવી કે ના આરાધવી એ જુદી વાત છે. પણ

એ તો એમ કહે જ કે 'વાત સાચી છે.' વાદી એકલા કબૂલ કરે એ રાગ-દ્વેષવાળી વાત કહેવાય. નહીં તો વાદી-પ્રતિવાદી બે એકમત ના થાય. આ વિરોધ પાર્ટી ને પેલી બીજી પાર્ટી એકમત થાય ખરી ?

**પ્રશ્નકર્તા :** ના થાય.

**દાદાશ્રી :** હવે હું ત્યાં જઈને બોલું તો બન્ને પાર્ટી કબૂલ કરે. પણ પછી વિરોધવાળા શું કહે ? 'અમારે વિરોધ તો કરવો પડે. તમારી વાત સાચી છે, પણ અમારી તો વિરોધ પાર્ટી એટલે અમારે વિરોધ કરવો જ પડે.' તો હું કહું, કે 'વિરોધ કરજો.' એટલે એ એમના સ્વભાવ પર જતા રહે. પણ મોઢે કહે, કે તમારી વાત સાચી છે. કારણ કે જેમાં આત્મા છે ને મનુષ્ય છે એને તો વાત તરત સમજાવી જ જોઈએ. ગેરેન્ટીપૂર્વક ! કારણ કે અમારી વાત આત્મા કબૂલ કર્યા વગર રહે નહીં. એટલે આત્માએ કબૂલ કરી એ વાદી અને પ્રતિવાદી બન્ને કબૂલ કરે. અને વીતરાગી વાણી, એને પ્રમાણ કહ્યું ભગવાને.

## વીતરાગ વાણી, આવરણ ભેદી

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું કે વીતરાગ વાણી સામાનો આત્મા કબૂલ કરે. એટલે આત્મા કબૂલ કરે કે અંતઃકરણ કબૂલ કરે ?

**દાદાશ્રી :** આત્મા.

**પ્રશ્નકર્તા :** મૂળ આત્મા કે પ્રતિષ્ઠિત આત્મા ? કયો આત્મા કબૂલ કરે છે ?

**દાદાશ્રી :** આપણી પ્રજ્ઞા જે છે ને, એ કબૂલ કરે છે. અને અંતઃકરણ કબૂલ કરે એવી વાત એ 'મન' કબૂલ કરે છે. અને એનાથી મસ્તી આવે, બીજું કશું થાય નહીં. જગત આખું મસ્તીમાં જ પડેલું છે. અને આ પ્રજ્ઞા કબૂલ કરે તો આનંદ ઉત્પન્ન થાય. એટલે હું કહું છું ને, આત્મા કબૂલ કરવો જ પડશે. ત્યાર વગર માનીશ નહીં. ફૉરેનવાળાનેય કહું છું ને, કે આત્મા કબૂલ કરવો પડશે, જેનામાં આત્મા છે તેને આ કબૂલ કરવું પડશે, મનુષ્યરૂપે હોવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** જેણે 'જ્ઞાન' ના લીધું હોય, એને પ્રજ્ઞા ક્યાંથી હોય ?

**દાદાશ્રી :** એને પ્રજ્ઞા ના હોય. પણ એને તેટલો વખત આ વાણી આવરણ ભેદી ઠેઠ આત્માને 'ટચ' થાય. કારણ કે આ આવરણ ભેદી વાણી છે.

## વીતરાગ વાણીથી આત્મતૃપ્તિ

**પ્રશ્નકર્તા :** વીતરાગ વાણી ઉપર કંઈ પ્રકાશ આપો.

**દાદાશ્રી :** વીતરાગ વાણી એટલે સચેતન વાણી કહેવાય. તરત જ આપણને ચાલતા કરી દે. મહીં બધી મશીનરી ચાલુ કરી દે. પેલી વાણી કશું કરે નહીં. પેલી વાણી ને વા-પાણી બેઉ સરખા.

જો વીતરાગ વાણી સાંભળવા મળે તો દુઃખ જાય, નહીં તો દુઃખ જાય નહીં. વીતરાગ વાણી કોને કહેવાય ? જે વાણી ફરિયાદી ને આરોપી બંને કબૂલ કરે કે આ વાત સાચી છે. મારે માનવું - ના માનવું એ જુદી વાત છે. પણ આ વાત સાચી છે. આપણે એને કહીએ કે 'ભઈ, તને કેમ લાગે છે ? આ વાત ખોટી છે ?' ત્યારે એ કહે, 'ના, વાત સાચી છે, પણ મારે નથી માનવું. ગમે તે કોમનો હોય, ગમે તે જાતનો હોય, ગમે તે ગચ્છનો હોય, તો પણ એક્સેપ્ટ કરે કે ભઈ, વાત બરોબર છે. પછી ના માનવું, એ વાત જુદી છે. કોઈનો કોઈના પર અધિકાર નથી. પણ વાત તો તરત સમજાઈ જાય.

રાગી-દ્વેષી વાણી હોય તો બધા કબૂલ ના કરે. પછી લોકો નથી કહેતા કે મારો છોકરો મારું માનતો નથી. એનું શું કારણ ? રાગ-દ્વેષ છે. બહારના લોકો પોતાનું ના માને, પણ છોકરાએ તો પોતાનું માનવું જોઈએ ને ? પણ રાગ-દ્વેષને લઈને માનતો નથી.

પોતાનો આત્મા કબૂલ કરે, એ જ વીતરાગ વાણી. અમે એટલું જ કહીએ કે તારો આત્મા કબૂલ કરે તો જ સાંભળજે અને નહીં તો આત્મા કબૂલ ના કરે ને મનનું કબૂલ કરેલું, એ તો મનોરંજન કહેવાય.

આ જગતમાં જે બહાર સાંભળશો, તે બુદ્ધિશાળીઓની વાણી છે. તે મનને સંતોષ થશે અને અહીં આત્મતૃપ્તિ થશે. મનનો સંતોષ અને આત્મતૃપ્તિમાં ફેર ખરો ?

**પ્રશ્નકર્તા :** ચોક્કસ, ઘણો ફેર.

**દાદાશ્રી :** તો અહીં સીધી આત્મતૃપ્તિ થાય એવું છે. જ્યાં સુધી 'હું કંઈક જાણું છું', ત્યાં સુધી એ અંદર પેસવા ના દે.

## સ્યાદ્વાદ વાણીથી દુઃખોનો અભાવ

વાણી મધુરી-મીઠી લાગે આપણને, સાંભળ સાંભળ કરવાનું મન થાય આપણને અને એ સાંભળવાથી જ મહીં પાપના પુંજ હોય ને, તે બધા ભસ્મીભૂત કરી નાખે. એ વાણી ક્યારે સાંભળી છે ? ફક્ત તીર્થંકરોના વખતમાં સાંભળી છે.

આત્યંતિક દુઃખનો અભાવ ક્યાં થાય ? સ્યાદ્વાદ વાણી એને સાંભળવાની મળે ત્યારે આત્યંતિક દુઃખનો અભાવ થાય. નહીં તો જગતે એવું જોયેલું જ ના હોય ને ! એવું સાંભળેલું જ ના હોય ને, કે આ સંસારનું દુઃખ બધું જતું હશે ! આ સંસારના દુઃખ કાઢવા માટે વીતરાગ વાણી વિના બીજો કોઈ ઉપાય નથી.

**પ્રશ્નકર્તા :** બીજી રીતે, વીતરાગ વાણી એ જ સ્યાદ્વાદ હોઈ શકે ?

**દાદાશ્રી :** બસ, એ જ ! વીતરાગ વાણી એ જ સ્યાદ્વાદ. અને સ્યાદ્વાદ વાણી સિવાય કોઈનુંય પૂરું કલ્યાણ થયેલું નહીં, આત્યંતિક કલ્યાણ નહીં થયેલું.

## કોઈને ડખો ના થાય તે સ્યાદ્વાદ વાણી

વ્યવહાર શુદ્ધિ વગર સ્યાદ્વાદ વાણી નીકળે નહીં. વ્યવહાર શુદ્ધિ પહેલી હોવી જોઈએ. વ્યવહાર શુદ્ધિ એટલે બહારની શુદ્ધિ જોઈશે. બહારમાં કશું ક્રોધ-માન-માયા-લોભ ના હોવા જોઈએ, તો વ્યવહાર શુદ્ધ થાય ને ! વ્યવહારમાં ક્રોધ-માન-માયા-લોભ ના હોવા જોઈએ ડિસ્ચાર્જનાય.

**પ્રશ્નકર્તા :** ડિસ્ચાર્જના પણ ના હોવા જોઈએ.

**દાદાશ્રી :** હા, ત્યારે જ, આ સ્યાદ્વાદ વાણી નીકળે.

સ્યાદ્વાદ કોને કહેવાય કે એ વાતથી આપણા શરીરમાંય કોઈ સામું ના થાય. મન સામું ના થાય, બુદ્ધિ-ચિત્ત-અહંકાર કોઈ સામું ના થાય. નહીં તો બીજી વાણી બોલીએ ને, તો આપણા શરીરમાંય કહેશે, 'આવું ક્યાં બોલો છો ? આમ કેમ બોલો છો ?' ગોદા મારે મહીં. ના મારે ?

**પ્રશ્નકર્તા :** હા, અંદરથી.

**દાદાશ્રી :** નહીં તો 'સારું બોલો છો, હા, સારું બોલો છો' એમ કહે.

સ્યાદ્વાદ વાણી શું કહે છે ? તમે એવું બોલો કે પાંચ જણ લાભને પામે ને કોઈનેય ડખો ના થાય.

## મમતારહિત સ્યાદ્‌વાદ વાણી

આ (બીજી) બધી વાણીઓમાં અહંકાર હોય. જ્યાં મમતા ત્યાં વીતરાગ વાણી ના હોય. કંઈ પણ મમતા છે, ત્યાં વીતરાગ વાણી ના હોય.

**પ્રશ્નકર્તા :** સમતા હોય ત્યાં હોય.

**દાદાશ્રી :** મમતા જ ના હોય તો વીતરાગ વાણી હોય. એવા સમતાવાળા તો બહુ સાધુઓ જોયા, પણ મમતા છૂટી ના હોય. તે મમતા છૂટે ત્યારે વીતરાગતા આવે. સમતા તો અડચણ ના હોય એટલે રહે. આ કૂતરાનેય રાતે બે પૂરીઓ ખવડાવીએ ને, તો આખી રાત નિરાંતે સમાધિમાં રહે. એ સમતા ચાલે નહીં. એનામાં મમતા સહેજ પણ ના જોઈએ. ખૂણેખાંચરે પડી રહેલી મમતા ના ચાલે.

આ (અમારી) વીતરાગ વાણી છે કે જેનો માલિક નથી, જ્યાં રાગ-દ્વેષ નથી. એક કલાક સાંભળે તોય કલ્યાણ થઈ જાય. રાગ ના આવે ને એક કલાક સારી રીતે સાંભળે તોય કલ્યાણ થઈ જાય. સ્યાદ્‌વાદ વાણી છે !

અને વીતરાગ વાણી, એની બીજી કઈ રીતે પરીક્ષા કરાય ? એના એ જ રૂપમાં પ્રમાણભૂત કહેવાય. પ્રમાણ ! બીજી વાણી પ્રમાણ ના કહેવાય, એ વાણી જ પ્રમાણ કહેવાય ! એટલે ભગવાને કહ્યું કે વીતરાગ વાણી સર્વમાન્ય હોય. એને પ્રમાણ, પ્રમાણ, પ્રમાણ કહે લોક ! દુશ્મન પણ એમ કહે, કે ના, વાત સાચી છે દાદાની ! એ વીતરાગ વાણી. રાગ-દ્વેષવાળી વાત કોઈ એક્સેપ્ટ કરવા તૈયાર થાય નહીં. પોતાનેય ના ગમે ને ! એ રાગ-દ્વેષની વાત થાય ને, તે બોલનાર પોતેય એક્સેપ્ટ ના કરે ને ! કહેશે, 'આવું કેમ નીકળે છે ?' એ પોતે જ એક્સેપ્ટ ના કરે, તો બીજો કોણ એક્સેપ્ટ કરે ? વીતરાગ વાણીમાં કોઈ ખોડ કાઢે નહીં, બધા ચડીચૂપ !

## મોક્ષ માટે ખપે વીતરાગ વાણી

મોક્ષ માટે તો 'વીતરાગ વાણી વિના અવર ન કોઈ ઉપાય' ! બીજી બધી રાગી વાણી હોય. વીતરાગ વાણી એટલે સ્યાદ્‌વાદ, કોઈ જીવનું પ્રમાણ ના દુભાય. પછી ભલે ને કસાઈ આવે, પણ એય એના ધર્મમાં જ છે. વીતરાગની દષ્ટિએ કોઈ ઘડીવાર પણ ધર્મની બહાર નથી જતો. ધર્મ વગર તો કોઈ એક ક્ષણ પણ જીવી જ ના શકે, છતાં અધર્મ પેસી જાય છે. આ નાસ્તિક હોય છે એ ભગવાનમાં માનતો ના હોય, ધર્મમાં માનતો ના હોય, પણ છેવટે નીતિમાં માનતો હોય છે, ને નીતિ એ તો મોટામાં મોટો ધર્મ છે. નૈતિકતા વગર ધર્મ જ નથી. નૈતિકતા તો ધર્મનો પાયો છે. જે ભગવાનને માનતો નથી એ પણ ધર્મમાં જ છે. ધર્મ વગર તો કોઈ છે જ નહીં. આત્મા છે તો ધર્મ હોવો ઘટે. દરેક માણસ ધર્મમાં છે ! હા, પણ સાથે અધર્મ પણ હોય !

**પ્રશ્નકર્તા :** સાધક ગમે તે ધર્મનું બરોબર પાલન કરે તો એ મોક્ષ સુધી પહોંચી જાય ને ?

**દાદાશ્રી :** સાધક તો પક્ષપાતી છે અને ભગવાન કયા પક્ષના હશે ? નિષ્પક્ષપાતી હશે ને એ ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પક્ષમાં પડેલાનો મોક્ષ ક્યારેય પણ થાય નહીં. હા, ભૌતિક સુખો મળે. મોક્ષ 'સ્ટાન્ડર્ડ'વાળાને ના મળે. 'આઉટ ઓફ સ્ટાન્ડર્ડ' થાય તો જ મોક્ષ મળે. અહીં 'આ' 'સ્ટાન્ડર્ડ'ની બહાર છે. અહીં બધા જ આવે; મુસ્લિમ, જૈન, વૈષ્ણવ બધા જ આવે !

આ જુદા જુદા ધર્મો છે : જૈન ધર્મ, વૈષ્ણવ ધર્મ, શૈવ ધર્મ, મુસ્લિમ ધર્મ, એ બધા 'રિલેટિવ' ધર્મો છે. એકુય આમાં 'રિયલ' ધર્મ નથી. 'રિલેટિવ' ધર્મ એટલે તમને 'ડેવલપ' કરી આપે, પણ એમાંથી 'ફુલ ડેવલપ' થઈ શકાય નહીં. અને મોક્ષ તો 'ફુલ ડેવલપ'નો જ થઈ શકે. દેહ હોવા છતાં પણ દેહ ને આત્મા છૂટા રહે, ત્યાર પછી જ મોક્ષ થાય.

## સ્યાદ્વાદ ને અનેકાંત 'એક્સેપ્ટ'

આ હિન્દુસ્તાનમાં જે બધા ધર્મો છે, તે બધા પાક્ષિક ધર્મ છે. પાક્ષિક એટલે બીજાને જુદા કહે છે કે નથી કહેતા ? 'આ અમારું ને આ તમારું' કર્યા કરે છે ને ?

**પ્રશ્નકર્તા :** ખરેખર તો તેવું નથી ને ! આ તો લોકો કર્યા કરે છે.

**દાદાશ્રી :** ખરેખર નથી. પણ મારું કહેવાનું કે જે ધર્મમાં લોકો આવું કરે છે, એટલે એ ધર્મ પક્ષપાતી થયો. વીતરાગ ધર્મ એ નિષ્પક્ષપાતી ધર્મ છે. તે આપણું આ પણ વીતરાગ ધર્મના સ્ટેજ ઉપર છે, ને વીતરાગ ધર્મનું જ ફાઉન્ડેશન છે. અને આ સ્યાદ્વાદ છે. તીર્થંકર ભગવાનની (સંપૂર્ણ) સ્યાદ્વાદ વાણી હોય અને અમારી સ્યાદ્વાદમાં થોડી કચાશ હોય. બાકી અમારે તો પચ્ચીસ હજાર માણસ બેઠું હોય ને, તો કોઈનું પ્રમાણ ના દુભાય. એટલે બધાને અમારી વાત ગમે એવી હોય. કારણ કે અહીં આ કોઈ એક ધર્મ નથી, કે એનું સ્થાપન હોય કે બીજાનું ખંડન-મંડન હોય. અહીં ખંડન-મંડન કશું હોય નહીં. અને આ બધા સ્ટાન્ડર્ડોને 'એક્સેપ્ટ' કરીએ અમે તો.

આપણે અહીં તો સર્વધર્મ પરિષદ છે. ભગવાન નિષ્પક્ષપાતી છે અને આયે નિષ્પક્ષપાતી છે. અહીં કોઈ પક્ષપાત નથી. વેદાંતનો પક્ષપાત નથી, સ્વામીનારાયણનો પક્ષપાત નથી, વૈષ્ણવોનો પક્ષપાત નથી, જૈનોનો પક્ષપાત નથી. અહીં દરેકને પોતાના ધર્મની જ વાત કરે છે એવું લાગે. અને બધા ધર્મવાળાને એમ જ લાગે કે આ મારા હિતની જ વાત કરે છે. કોઈ ધર્મવાળાને એમ ના લાગે કે અમારા ધર્મની વિરુદ્ધ છે. મુસ્લિમ ધર્મવાળાનેય ના લાગે. અહીં મુસ્લિમ બેઠો હોય, બીજી ગમે તે નાતના બેઠા હોય, કોઈને કશું ખરાબ ના લાગે. કોઈને મનમાં એમ ના લાગે કે આ પક્ષપાતી બોલે છે. બધાને પોતાના ધર્મના જેવું જ લાગે. કારણ કે અમારી વાણી અનેકાંત હોય. અનેકાંત એટલે શું કે કોઈ પણ માણસને વાણી જુદી ના લાગે, ખરાબ ના લાગે, અને બધા ભાવવાળી હોય એટલે દરેકને પોતપોતાના ભાવનું મળી જાય. એટલે અહીં દરેક ધર્મવાળાને પોતપોતાના પ્રમાણથી બધાને લાભ થાય, પોતાના વ્યૂ પૉઈન્ટથી લાભ થાય. અહીં જૈનોય છે, વૈષ્ણવોય છે, બીજા બધા ધર્મવાળા પણ અહીં આવે છે. પણ તે બધાને પોતાના ધર્મથી લાભ થાય.

એટલે અહીં તો ગમે તે પક્ષનો આવ્યો, ગમે તે પંથનો આવ્યો, બધા પંથવાળા અહીં ભેગા થાય, તો એ બધાને અનુકૂળ થઈ જાય મારી વાણી. કોઈને નુકસાન ના થાય, કોઈને દુઃખ ના થાય, દરેક પોતાની ભાષામાં સમજી જાય. કારણ કે અમે નિષ્પક્ષપાતી છીએ. અમારું બધું વાતાવરણ જ બિલકુલ નિષ્પક્ષપાતી છે, એટલે કોઈને અડચણ આવેલી નહીં. જ્યાં આગળ પક્ષપાત ના હોય ને દરેક ધર્મવાળા દર્શન કરે, ત્યાં જ સ્યાદ્વાદ વાણી હોય. અને તો જ બધા દર્શન કરી શકે, નહીં તો કોઈ કરે નહીં.

અને સાચો માર્ગ, વીતરાગનો માર્ગ કોને કહેવાય ? બધી નાતના લોકો હોય, એ બધાને વાણી પોતાની જ છે એવું લાગે. હું અત્યારે બોલું છું તો તમને તમારી વાણી લાગે, આ બ્રાહ્મણોને બ્રાહ્મણોની વાણી લાગે. કંઈ જુદાઈ ના લાગે. ભગવાન એને સ્યાદ્વાદ કહે છે, અનેકાંતવાદ કહે છે. અમે એક ગામમાં ગયા હતા. એ ગામમાં કેટલાય મતવાળા હતા લોકો બધા. એમાં વીસેક પટેલના ઘર હતા, આઠ-દસેક રજપૂતોના ઘર હતા, અને પછી દેસાઈઓના પાંચ-સાત ઘર હતા. એ બધાને ઘેર પધરામણી કરી હતી. પાંત્રીસ જગ્યાએ મારે પધરામણી કરવી પડી. પણ તે ગામમાં એક માણસને જુદાઈ લાગી નથી. કારણ કે અમારું પદ એવું છે ને, કે હું વૈષ્ણવને ત્યાં જઉં તો હું વૈષ્ણવ જેવો દેખાઉં. જૈનોના ઘર હતા ને, ત્યાં ગયેલો. ત્યાં તો અસલ જૈન જેવો હું દેખાયો. છતાં અમારે કોઈ જોડે પક્ષપાત ના હોય. જૈન ઉપરેય પક્ષપાત નહીં. વીતરાગતા એકલી જ અમે સ્વીકાર કરીએ. વીતરાગતા ! ચોવીસ તીર્થંકરનો ધર્મ, વીતરાગ ધર્મ ને સ્યાદ્વાદ માર્ગ, અને અનેકાંત, આટલું જ 'એક્સેપ્ટ' કરીએ અમે.

એકાંતિક તો બધું આખું જગત સમજે છે પણ 'અનેકાંત' નથી સમજ્યા. જ્યારે 'સ્યાદ્વાદ' સમજે, ત્યાર પછી મોક્ષમાર્ગ હાથમાં આવે.

ભગવાનનો માર્ગ સમાધાનનો છે. સ્યાદ્વાદ વાણી છે ત્યાં આત્મજ્ઞાન છે. જ્યાં એકાંતિક વાણી છે ત્યાં આત્મજ્ઞાન નથી.

## સંપ્રદાયથી મોક્ષ વેગળો

**પ્રશ્નકર્તા :** પણ દાદા, હિન્દુસ્તાનમાં કેટલા બધા પંથો છે, પણ બધામાં સ્વરૂપના જ્ઞાનની વાત નહીં હોય ને ?

**દાદાશ્રી :** એ બધા અધ્યાત્મને માનવાવાળા છે, પણ લો લેવલના છે. એટલે ત્યાં આત્માની વાત ના હોય. એ કરે ખરા આત્માની વાત, પણ તે એક્ઝેક્ટનેસ કશું ના હોય. એ તો ફક્ત એટલું જ કહે કે તું અવિનાશી છે ને આ દેહ વિનાશી છે. એવું એને પ્રતીતિ કરાવડાવે. છતાં એટલી પ્રતીતિ કરે તોયે બહુ થઈ ગયું. મોક્ષની વાત તો વેદાંતમાં ઉપલા થરવાળા સ્વીકાર કરે. ઉપલા થરવાળા જે સાંપ્રદાયિક નથી તે લોકો મોક્ષની વાતો કરે. વેદાંત માર્ગમાં જે સંપ્રદાયની બહાર છે અને જૈન માર્ગમાં જે સંપ્રદાયની બહાર છે, એને માટે મોક્ષની વાતો કરવાની છે. અને સંપ્રદાયમાં પડેલા છે, એને મોક્ષ હોય નહીં. એ એકાંતિક કહેવાય. અને મોક્ષ અનેકાંતથી થાય. એકાંતિકમાં આગ્રહ હોય. આગ્રહ એટલે 'આટલો જ ધર્મ, આથી વિશેષ ધર્મ નહીં' એવો આગ્રહ હોય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, કેટલાક લોકો એમ કહે છે કે અમે તો અનેકાંતમાં જ માનીએ છીએ. અમે અનેકાંતમાં જ વાત કરીએ છીએ, એકાંતે વાત કરતા જ નથી.

**દાદાશ્રી :** એ તો શબ્દોમાં એવી રીતે માને છે, શબ્દોમાં એવી રીતે વાત કરે છે. અને એમેય બોલે કે અમે સ્યાદ્વાદ બોલીએ છીએ. હવે તેમાં સ્યાદ્વાદ વાણી તો કોઈક વખત ફક્ત જ્ઞાનીની હોય કે તીર્થંકરની હોય. બીજા કોઈની વાણી સ્યાદ્વાદ હોય નહીં. એવી સ્યાદ્વાદ હોય તો આ મતભેદો પડે નહીં, ઝઘડાઓ થાય નહીં.

સ્યાદ્વાદ વાણી એટલે એનો અર્થ શું ? કોઈ પણ ધર્મનું કિંચિત્માત્ર પ્રમાણ ના દુભાય અને અધર્મનુંય પ્રમાણ ના દુભાય. એટલે કોઈ ચોરી કરતો હોય તેનુંય પ્રમાણ ના દુભાય એવી

વાણી બોલવી. ચોર પર જો કદી દ્વેષ કરતા હોય તો એ સ્યાદ્‌વાદમાં ગણાતું નથી. સ્યાદ્‌વાદ એટલે નિરાગ્રહી વાણી હોય. સ્યાદ્‌વાદ વાણી હોય તો ચોર પણ એમની પાસે એડવાન્સ થાય, બધાય ત્યાં આગળ પ્રગતિ માંડે.

બન્ને માર્ગથી, વેદાંત માર્ગથી અને જૈન માર્ગથી ઋષભદેવ ભગવાને મોક્ષ કહ્યો છે. બન્નેય સમકિત આગળ ભેગા થાય છે. સમ્યક્ દર્શનના સ્ટેશન ઉપર બેઉ ભેગા થઈ જાય છે.

## સમજણ સદા શમાવે

એટલે આ બધા રિલેટિવ ધર્મો છે. એ સ્ટાન્ડર્ડ ધર્મો છે બધા. અને આપણું આ આઉટ ઑફ સ્ટાન્ડર્ડ છે અને રિયલ ધર્મ છે.

વધારે સમજણવાળો ઓછી સમજણવાળાની જોડે ઝઘડો ન થાય એવી રીતે વર્તે, 'તારું ખરું છે' એમ કરીને નભાવી લે. ત્યાં પોતે જાણે વાલી હોય ને, એવી રીતે વાલી જેવું રાખવું જોઈએ કે 'તમારું કહેવું બરોબર છે.' અગર તો એમને એટલું પૂછવું જોઈએ કે 'તમને તમારા ધર્મથી અસંતોષ છે ? તમારા ધર્મથી તમને શાંતિ રહેતી નથી, અસંતોષ છે, તો અહીં આગળ આવો. નહીં તો, ત્યાં તમને સંતોષ રહેતો હોય તો ત્યાં એ તમે પૂર્ણ કરો.' આ છેલ્લી વાત છે, આઉટ ઑફ સ્ટાન્ડર્ડ છે ! એટલે આપણે બધા સ્ટાન્ડર્ડને કહીએ, 'તમે બધા ઉપરી, અમારા કરતા તમે બધા ઉપરી.' તો એમને શાંતિ રહે. અને આપણે કહીએ કે 'તમારી કંઈ કિંમત નહીં, અમારું આમ ને તેમ...' તો આનો અર્થ નથી, મીનિંગલેસ છે આ વાત.

**પ્રશ્નકર્તા :** આવું કહે તે ઘડીએ એમને સમભાવી તો ના લાગ્યો ને ?

**દાદાશ્રી :** સમભાવ તો એમને હોય જ નહીં ને ! સમભાવ ના હોય ત્યારે તો 'અમારું કરેક્ટ છે, પૂર્ણ છે' એવું કહે. પોતે છે સ્ટાન્ડર્ડમાં, અને પૂર્ણ માને ! પણ એ માનવું જ જોઈએ, તો જ એ સ્ટાન્ડર્ડમાં રહી શકે, નહીં તો રહી શકે નહીં. એટલે આપણે એમ કહેવું જોઈએ કે 'તમારું બરોબર છે, સાચું છે, પૂર્ણ છે.' બધા ધર્મોમાં સમભાવી હોય. જો કોઈ પણ ધર્મમાં સમભાવ ન હોય તો પછી એનો સ્વયંધર્મ ખોટો છે. કારણ કે ધર્મ બધા સ્વીકારવા પડે. એક ડિગ્રીથી માંડીને બધી ડિગ્રીના ધર્મ સ્વીકારવા પડશે. જે સ્વીકારતા નથી એ ડિગ્રીવાળા ધર્મ છે.

## ત્યાં લગી રમકડાંની જ રમતો

ધર્મ તો માણસે માણસે જુદો જુદો હોય, અત્યારે કોઈ એક ધર્મના માણસો ભેગા થયા હોય, પણ બધાના વ્યૂ પૉઈન્ટ જુદા હોય. એટલે દરેક મનુષ્યનો ધર્મ જુદો હોય. જ્યારે આત્મધર્મ પ્રાપ્ત થાય ત્યારે એ બધા એક ધર્મી થાય. ત્યાં સુધી બધા રમકડાંના ધર્મ ! રમકડાં જ રમાડ્યા કરે !

દસ વર્ષનો છોકરો હોય, તે ત્રણ વર્ષનો હતો ને, ત્યારે જે રમકડાં રમતો હતો એ રમકડાં રહેવા દીધા હોય અત્યારે, અને આપણે એને પૂછીએ કે 'આ રમકડાનું શું કરવું છે હવે ?' તો એ કહેશે, 'મારે શું કરવા છે એને ?' અને તે દહાડે તો એ તૂટી ગયું હોય તો એ રડે. હવે કેમ રડતો નથી ?

**પ્રશ્નકર્તા :** એના એ રમકડાંનું સ્ટાન્ડર્ડ આખું જુદું થઈ ગયું.

**દાદાશ્રી :** હા, એ સ્ટાન્ડર્ડ એનું પૂરું થઈ ગયું. બીજા રમકડાંનું સ્ટાન્ડર્ડ આવ્યું. તે રમકડાં ના હોય તો રડે પાછો. પછી એથી આગળનું સ્ટાન્ડર્ડ આવે. પછી 'જીવતી પૂતળી લાવી આપો' કહેશે.

ત્યારે એય પાછી પૈણાવીએ. ત્યારે કહીએ, 'હવે કંઈ તો શાંતિ છે ને ?' ત્યારે એ કહે છે, 'ના, હજુ પેલો જોઈએ ને, બાબો.' અલ્યા, આટલા રમકડાં છે તોય હજુ બાબાનું રમકડું જોઈએ છે ? ત્યારે એ કહે છે, 'હા, એય જોઈએ ને !' એટલે આ રમકડાં જ રમાડ્યા કરે છે ! પછી આ બાજુ શાસ્ત્રોના રમકડાંય રમાડે છે. શાસ્ત્રો, પુસ્તકો, ગુરુના, શિષ્યના, એ બધા રમકડાં ! એ આત્માને રમાડતો નથી. આત્મજ્ઞાની મળ્યા સિવાય આત્મા રમાડી કેવી રીતે શકે તે ? અને આત્માની રમણતા શરૂ થઈ ગઈ એટલે પરરમણતા બંધ થઈ ગઈ. ભલે ને, દેહ રહ્યો. દેહ દેહના ધર્મમાં છે, મન મનના ધર્મમાં છે, બુદ્ધિ બુદ્ધિના ધર્મમાં છે. આત્મા આત્માના ધર્મમાં છે, પછી વાંધો શું છે ?

એટલે અમે તમને આ 'જ્ઞાન' લીધા પછી કહીએ છીએ ને, કે 'ધંધો કરજો, કશો વાંધો નથી.' અને બીજા ક્રમિક માર્ગવાળા શું કહે, કે 'બધું છોડીને આવતા રહો.' ત્યારે એ મેળ શી રીતે પડે ? ને કેટલા માણસ લાભ ઉઠાવે એનો ?

## 'આ' છે છેલ્લી 'ડિગ્રી'ની વાત

લોકો કહે છે, 'તમે બધાને કેમ નથી કહેતા ?' બધાને ના કહેવાય. એક ડિગ્રીથી ત્રણસો સાઠ ડિગ્રી સુધીના લોક છે. સવાસો ડિગ્રી ઉપર ઊભેલા માણસને સમજાવવા સવાસો ડિગ્રીવાળાની જ વાત કરવી પડે. આ અહીં તમને વાત કરું એવી ના કરાય. એટલે દરેક ડિગ્રીના લોક જુદા. એટલે આ વાત બધાને ના કરાય. આ તો છેલ્લી ડિગ્રીની વાત છે. આ તો જેને પાલઘર આવી ગયું હોય ને, તેને 'આ' બધી વાત કરવાની.

બહાર જે વાતો ચાલે છે ને, તે બધી ખોટી નથી. એ સહુ સહુની સત્તામાં બધાનું કરેક્ટ છે. આ જગતમાં કોઈ ખોટો માત્ર નથી. સહુ સહુની સત્તામાં, કોઈ પચ્ચીસ ડિગ્રી, કોઈ પચાસ ડિગ્રી પરનો, કોઈ એંસી ડિગ્રી પરનો, એ બધા જે ઉપદેશ આપી રહ્યા છે તે બધાય સાચા છે. અને આ છેલ્લી ડિગ્રીની વાત છે. પેલા છે એ બધા દેહાધ્યાસ વધારનારા છે અને અહીં દેહાધ્યાસ કાઢવાનો છે. ત્યાં અશુભ દેહાધ્યાસ કાઢવાનો ને શુભને ઘાલવાનો. અશુભને કાઢવું ને શુભને ઝાલવું ! ક્યાં સુધી આ ડખો રહેવાનો ?

## પક્ષમાં પડેલા, પરમાત્મા પામે ના

ભગવાનનો પાક્ષિક ધર્મ હતો નહીં. આ તો કળિયુગની અસરને લઈને, દુષમકાળની અસરને લઈને પાક્ષિક થઈ ગયું છે. વીતરાગ ધર્મ તો નિષ્પક્ષપાતી હોય, સ્યાદ્‌વાદ હોય. અમારી વાણી સ્યાદ્‌વાદ છે. એટલે દરેકને માફક આવે અને પક્ષાપક્ષીવાળી ના હોય.

**પ્રશ્નકર્તા :** સ્યાદ્‌વાદ વાણી એટલે કોઈને દુભવે નહીં એવી વાણી ?

**દાદાશ્રી :** હા, કિંચિત્‌માત્ર દુભવે નહીં. અને આ એકાંતિક વાણી તો એકને આનંદ કરાવે અને એકને દુભવે.

એકાંતિક વાણી એટલે આ એક ધર્મવાળો બોલે, તે પેલા બીજા ધર્મવાળાને ના ગમે. એક પક્ષવાળો બોલે, તે બીજા પક્ષવાળાને ના ગમે. એટલે એ ઊઠીને જતા રહે. એ એકાંતિક વાણી કહેવાય, પાક્ષિક વાણી કહેવાય. એ બધી પક્ષાપક્ષીવાળી વાત કહેવાય.

**પ્રશ્નકર્તા :** હા, એ સામા પક્ષનું ખંડન કરે.

**દાદાશ્રી :** ના, ખંડન ના કરતા હોય તોય એ વાણી જ એવી હોય કે સામાને જુદી જ લાગે.

શબ્દે શબ્દ મળતા આવે તોય એને જુદું જ લાગે. માટે વાણી એવી બોલવી જોઈએ કે કોઈનું પ્રમાણ ન દુભાય. કોઈ ધર્મનું પ્રમાણ ન દુભાય એવું બોલવું જોઈએ. ક્રિશ્ચિયન ધર્મ હોય કે મુસ્લિમ ધર્મ હોય કે ગમે તે ધર્મ હોય, સ્થાનકવાસી હોય કે દિગંબરી હોય, પણ એવું બોલવું જોઈએ કે કોઈનું પ્રમાણ ના દુભાવું જોઈએ.

અહીં આગળ દરેક ધર્મવાળા બેઠા હોય. એમાં મુસ્લિમ હોય, જૈન હોય, હિન્દુ હોય, પારસી હોય, તો કોઈનું દૃષ્ટિબિંદુ દુભાય નહીં તો જાણવું કે આ પાક્ષિક વાણી નથી. આ વાણી સર્વપક્ષી હોય. સ્યાદ્વાદ એટલે નિષ્પક્ષપાતી ! એટલે ગમે તે બોલીએ તોયે દિગંબરીને અવળી અસર ના થાય, શ્વેતાંબરીને અવળી અસર ના થાય, સ્થાનકવાસીને અવળી અસર ના થાય.

## પક્ષપાત ત્યાં પૂર્ણતા નહીં

**પ્રશ્નકર્તા :** પાક્ષિક વિચારો સત્યને સમજી શકે ?

**દાદાશ્રી :** પક્ષ જ સત્ય નથી, તો પાક્ષિક વિચાર સત્યને શી રીતે સમજે ? આ વર્લ્ડમાં કોઈ એક અંશવાળો છે તે સત્યને સમજી શકતો નથી. સર્વાંશવાળો સત્યને સમજી શકે છે. જગત એક અંશ ઉપર છે, પોતે પોતાના અંશ ઉપર છે. સર્વાંશ હોય તે જ સત્યને સમજી શકે. એટલે નિષ્પક્ષપાતીથી મોક્ષ અને પક્ષથી સંસાર !

જ્યાં સુધી પક્ષપાત છે ત્યાં સુધી પૂર્ણતાના અંશમાંય નથી. પક્ષપાત છે ત્યાં કર્તા છે. પક્ષપાતથી આત્યંતિક કલ્યાણ ના થાય, પણ પાક્ષિક કલ્યાણ થાય.

પક્ષમાં પડ્યા હોય ત્યાં સુધી ભગવાન ભેગા થાય નહીં. પક્ષમાં છે ત્યાં સુધી ભગવાન કોઈ દહાડોયે ભેગા થાય નહીં, આ નિયમ જ છે. ભગવાનનો નિયમ એવો છે કે પક્ષમાં પડેલાની સાથે મારે ભેગું થવું નથી. ભગવાન પોતે જ નિષ્પક્ષપાતી છે. તે નિષ્પક્ષપાતી ભાવ ઉત્પન્ન થશે ત્યારે એ વાત સમજાશે. પક્ષમાં પડેલો અને સંસારમાં પડેલો, એમાં ફેર શું ? સંસાર એક પક્ષ છે, ત્યાગીનોય પક્ષ છે. જ્યારે ભગવાન નિષ્પક્ષપાતી છે !

વીતરાગોનું વિજ્ઞાન કેવું છે ? નિષ્પક્ષપાતી છે. નિષ્પક્ષપાતી કોને કહેવાય ? કોઈ એક મંદિર સાચવનારા હશે અને બીજા લોકો જે તોડનારા હશે, એ બન્ને લોકો ભેગા થાય તો કોઈનીય પર પક્ષપાત નહીં, એનું નામ નિષ્પક્ષપાત. અને લોકો કાં તો મંદિર સાચવતા હશે તેના પક્ષમાં પડશે ને કાં તો મંદિર તોડનારાના પક્ષમાં પડશે. અને દ્વંદ્વનો સ્વભાવ શું ? સંસાર જ ઊભો કરી આપે. અને જો આ વીતરાગ વિજ્ઞાન મળે તો દ્વંદ્વાતીત થઈ ગયા. પછી એને દ્વંદ્વ ના હોય.

વીતરાગોનું વિજ્ઞાન આજના સાયન્ટિસ્ટો કબૂલ કરે એવું છે. ફૉરેનના બીજા લોકો ના સમજી શકે. વીતરાગોનું વિજ્ઞાન એક જ પક્ષ સમજે, બીજા લોકો ના સમજે, એને વીતરાગ વિજ્ઞાન કોઈ દહાડોય કહેવાય જ નહીં ને ! વીતરાગ વિજ્ઞાન તો ક્લિયર છે, નિષ્પક્ષપાતી છે. સાયન્ટિસ્ટો જેને એક્સેપ્ટ કરે, દરેક લોકો એક્સેપ્ટ કરે. પણ જેને પોતાનો એક મત છે, એ લોકોને એક જાતનું મતનું આવરણ બંધાઈ ગયું છે. એટલે એ લોકો એક્સેપ્ટ ના કરે એ સ્વાભાવિક વાત છે. પણ જેને આવરણ નથી બંધાયેલું, જે ભણેલા-ગણેલા છે, જેણે કશામાં મોઢું જ નથી ઘાલ્યું, એને તો બધું તરત જ સમજાય કે આ દીવા જેવી સ્પષ્ટ વાત છે. કારણ કે એનો આત્મા 'ક્લિયર' હોય છે. એને સમજવા માટે 'ક્લિયરન્સ' હોય છે.

### પક્ષાપક્ષીથી પર, એ સર્વમાન્ય

**પ્રશ્નકર્તા :** દાદા, અમારા અનુભવમાં એવું આવ્યું છે કે એક જૈન સાંભળનારો હોય, એક વેદાંત સાંભળનારો હોય કે બીજો કોઈ ધર્મવાળા હોય, પણ દાદાની વાણીથી બધાને સમાધાન થાય છે.

**દાદાશ્રી :** હા, બધાનું સમાધાન થઈ જાય. એટલે અહીં એક વેદાંતી હોય, એક જૈન હોય કે બીજા ધર્મના હોય, બધાને સમાધાન થાય. ધર્મનું પ્રમાણ કિંચિત્‌માત્ર ના દુભાય એવી વાણી હોય, તેનું નામ જ નિષ્પક્ષપાતી વાણી. વીતરાગ વાણી કોને કહેવાય ? નિષ્પક્ષપાતી હોય. વીતરાગ વાણીમાં પક્ષ ના હોય.

પક્ષાપક્ષીથી પર એટલે સર્વમાન્ય હોય, કોઈ પણ માણસને માન્ય હોય આ. પણ સમજવું હોય તો, ના સમજવું હોય તો નહીં માન્ય. જેને સમજવું હોય તેને તો માન્ય જ હોય.

એટલે આ મોક્ષમાર્ગ છે, બીજું કશું નથી. જિન અને જિનેશ્વરને તો આ બધાય સ્વીકાર કરે. જે જિન થયા, જિનેશ્વર થયા, એ બધા નિષ્પક્ષપાતી હતા. હું જિન ગણાઉ અને જે સંપૂર્ણ છે તેને જિનેશ્વર કહે છે.

પક્ષાપક્ષીથીય પર એટલે કોઈ પણ માણસ વાંધો ન ઉઠાવે. એટલે જ સ્યાદ્‌વાદ કહેવાય ને ! સ્યાદ્‌વાદમાં પાક્ષિક શબ્દો ના હોય, ને પક્ષના શબ્દો આવ્યા, પાક્ષિક શબ્દો, કે વાંધો આવે હંમેશાંય !

**પ્રશ્નકર્તા :** એટલે વિકલ્પ ઊભા થાય બધા.

**દાદાશ્રી :** ના. પક્ષ એટલે જુદું લાગ્યા જ કરે, મેળ પડે નહીં ને !

### તમામ દર્શનો ખુલ્યા 'જ્ઞાની' પાસ

આપણે તો ભગવાન મહાવીર શું કહેવા માગે છે એ વાત સમજવી છે. પચાસ માણસ બેઠા હોય તો પચાસ માણસને અસર થાય તો જાણવું કે ભગવાન મહાવીરની વાત આ જ ખરી થઈ. બધાના હૃદય કબૂલ કરે. કારણ કે મહાવીર ભગવાન આઘાપાછા થયા નથી, કાળ બદલાયો છે. તમારામાં બેઠેલા મહાવીર, એ કંઈ આઘાપાછા થયા નથી.

એટલે વીતરાગોનું દર્શન જે મને આવ્યું ને, એ મેં બધું આપી દીધું છે બધાને, અને હજુ હોય તે થોડું થોડું મૂકતો જઉ. બાકી દર્શન આખુંયે આવી ગયું. આખું 'અક્રમ વિજ્ઞાન' બધુંયે આવી ગયું, ચોવીસ તીર્થંકરોનું ભેગું વિજ્ઞાન આવી ગયું.

**પ્રશ્નકર્તા :** આખું જૈનદર્શન એ આપના દર્શનમાં આવેલું ?

**દાદાશ્રી :** હા, બધુંય. પણ આખું જૈનદર્શન જ નહીં, આખો મોક્ષમાર્ગ દર્શનમાં આવી ગયો.

**પ્રશ્નકર્તા :** એટલે આપ કહો છો કે નિરાગ્રહીનો જ મોક્ષ છે !

**દાદાશ્રી :** હા, નિરાગ્રહીનો મોક્ષ ! જિનો અને જિનેશ્વરોએ બધા નિરાગ્રહી હતા. અને મારી પાસેય એ જ છે. આગ્રહ મેં કોઈ ચીજનો રાખ્યો નથી ને ! કોઈ પણ પ્રકારનો આગ્રહી નહીં, ખેંચ નહીં, કશું જ નહીં. મોક્ષની વિરોધી વાત જ નહીં ને ! અને આ તો તમે જોયા ને, આગ્રહ ?

**પ્રશ્નકર્તા :** હા, આગ્રહો જોયા ને !

**દાદાશ્રી :** તો એને અનેકાંત કેમ કરીને કહેવાય ? અનેકાંત એટલે કોઈ પણ પ્રકારનો આગ્રહ નહીં. દરેકને સ્વીકાર કરનારો, કોઈ પણ ધર્મનું પ્રમાણ ન દુભાય એનું નામ અનેકાંત. એકાંતે આગ્રહીને પોસાય.

## જ્ઞાનવાણી તો મૌલિક શબ્દોમાં

**પ્રશ્નકર્તા :** એટલે દાદાનું જે દર્શન છે, એ કોઈ પરંપરાથી જે હતું એવું નથી.

**દાદાશ્રી :** ના. મોક્ષમાર્ગ છે આ તો ! જૈનદર્શન હોય તો જૈન પારિભાષિક શબ્દો મારે મૂકવા પડે. એ પારિભાષિક શબ્દો હું ક્યાંથી લાવું ? આ વાત તો મારા જ શબ્દોમાં છે, આ ચોખ્ખો માર્ગ મારા શબ્દમાં જ છે.

અને પારિભાષિક ભાષા હોય ને, તે અનેકાંત થઈ શકે નહીં. ભગવાનની તો તે ઘડીએ એમની પોતાની ભાષામાં હતું. હા, પારિભાષિક ભાષામાં નહોતું. પોતાનું સ્વતંત્ર હતું.

**પ્રશ્નકર્તા :** પારિભાષિક ભાષા તો એકાંતે જ હોય ?

**દાદાશ્રી :** એવું છે ને, ભાષા જે બોલનારા હોય ને, જે જ્ઞાન, તે એની પોતાની ભાષામાં હોવું જોઈએ. પછી ભાષા એની એ રહી ગઈ અને લોકોએ એની નકલો જ કરવા માંડી. એટલે એકાંતિક થયું. પારિભાષિક કરવાનું નહીં. તમારી ભાષા કાઢો, પોતાનો માલ કાઢો. તમે જે પચાવ્યું હોય, તે પચ્યા પછી જે માલ થાય તે તમે કાઢો. આ તો બીજાના શબ્દો ના ચાલે. નહીં તો એ એકાંતિક થઈ જાય પછી અને પચેલો માલ અનેકાંત હોય !

દરઅસલ જ્ઞાની તો શાસ્ત્રોના શબ્દો વાપરે નહીં, સાદી આપણી ભાષામાં જ હોય. અને એ પોતાની વાણી હોય, એ પોતાની આગવી ભાષા હોય. અને તે સહજ ભાષા હોય, પાછી સ્યાદ્‌વાદ વાણી હોય !

**પ્રશ્નકર્તા :** કેટલાક લોકો એમ કહે છે કે દાદાએ જૈન પરંપરા સ્વીકારી છે. પણ આપની અનુભવની વાત હોય તો પછી પરંપરા ક્યાંથી રહી ?

**દાદાશ્રી :** અને પરંપરા હોય તો હું આ વેદાંતનો વિરોધી હોઉં, પણ એવું નથી. એ તો જૈનવાળા અમને જૈન કહે છે, વેદાંતવાળા વેદાંતી કહે છે. એ જે કહે એ ખરું. બધાનું મારે એક્સેપ્ટ છે. પણ આ મોક્ષમાર્ગ જ છે, બીજું કશું નથી. આ કોઈની પરંપરા નથી. પણ આમાં ઉપકાર મોક્ષમાર્ગી લોકોનો છે.

આપણે આ સ્યાદ્‌વાદ માર્ગ કહેવાય છે, અનેકાંત માર્ગ કહેવાય છે, એટલે જિન માર્ગ કહેવાય, જિનેશ્વર માર્ગ કહેવાય. આ વિજ્ઞાન નિષ્પક્ષપાતી છે, એટલે બધાને એડજસ્ટ થઈ શકે છે.

## મૂળ વાત તો એક જ હોય સદાકાળ

આ તો ઘણી ટોચ ઉપરનું વિજ્ઞાન છે, અને સ્વતંત્ર ! ચોવીસ તીર્થંકરોના વિજ્ઞાન જેવું સ્વતંત્ર. પણ જ્ઞાન તેનું તે જ, પ્રકાશ તેનો તે જ. પણ જવાબ બધા ચોવીસ તીર્થંકરોથી સ્વતંત્ર ! પરાવલંબનવાળું નહીં. અને આમ ચોવીસેય તીર્થંકરોએ જુદું જુદું કહ્યું છે.

**પ્રશ્નકર્તા :** દાદા, જુદું જુદું કેવી રીતે કહ્યું હોય ? એ વાત તો એક જ હોય.

**દાદાશ્રી :** ભગવાન મહાવીરે કહ્યું તે અને પાર્શ્વનાથ ભગવાને કહ્યું તે બેઉ જુદું. અને નેમિનાથ ભગવાને કહ્યું તે જુદું ને ઋષભદેવ ભગવાને કહ્યું તે જુદું. બધાનું જુદું જુદું ! કયું શાસ્ત્ર સાચું માનવું આપણે ?

**પ્રશ્નકર્તા :** પણ વીતરાગી વિજ્ઞાન તો એક જ હોય ને ?

**દાદાશ્રી :** એક જ બાબતમાં મળતું આવતું

હતું કે 'રાગ-દ્વેષ ના કરો.' તે બધાય, ચોવીસેય તીર્થંકરોની સરખી જ વાત !

**પ્રશ્નકર્તા :** એ કૉમન ?

**દાદાશ્રી :** એ કૉમન, એટલું જ કૉમન ! 'તમારું કરેલું બધું અમે નભાવી લઈશું. તમને રાગ-દ્વેષ ન થાય એટલું જ અમે કહેવા માગીએ છીએ કે રાગ-દ્વેષ ના કરો.' એમાં કૉમન !

**પ્રશ્નકર્તા :** એ બરોબર. પણ 'રાગ-દ્વેષ ન થાય' એના માટે શું શું કરવું એ જુદું જુદું કહ્યું એ લોકોએ, એમ આપનું કહેવાનું છે ?

**દાદાશ્રી :** સમય વર્તે જ બોલે છે એ, જેવો સમય ! આ કાળમાં અત્યારે મહાવીર ભગવાનનું શાસ્ત્ર ચાલતું જ નથી, એનું શું કારણ ? આ સમયમાં એ ફિટ થતું નથી.

**પ્રશ્નકર્તા :** પણ મૂળ વાત તો એક જ રહેવાની ને ?

**દાદાશ્રી :** મૂળ વાત તો આત્મજ્ઞાન ! આત્માનું, એ 'કૉમન' છે. બાકી બીજી બધી વાત સમયના આધીન છે. એટલે દેશ-કાળના આધીન છે. અત્યારે ભગવાનની વાત આપણે રૂપકમાં લાવીએ કે 'દયા રાખો, શાંતિ રાખો, સમતા રાખો' ત્યારે લોક શું કહે છે ? 'અરે, એવું થતું હશે આ કાળમાં તો ?' કારણ કે આ કાળ એવો, તે પેલી વાત 'એડજસ્ટ' થતી નથી. એટલે ભગવાને કાળ પ્રમાણે ઉપદેશ આપેલો છે.

પાર્શ્વનાથ ભગવાને ચાર મહાવ્રત આપ્યા હતા, તે મહાવીર ભગવાને પાંચ મહાવ્રત કર્યા. એ અઢીસો વર્ષમાં તો બધો ફેરફાર થયો. અને બીજોય ઘણો ફેરફાર ! કારણ કે એ તો કાળ પ્રમાણે બદલાયા જ કરે. તે હવે ભગવાન મહાવીર પછી પચ્ચીસસો વર્ષ થયા, હવે શી રીતે ચાલે ?

તેથી એક મહારાજે મને ખુલ્લા દિલથી કહ્યું કે 'આ તમારી જો ચૌદ આપ્તવાણી છપાઈ જાય તો લોકોને આધારરૂપ થઈ જશે.' કારણ કે અત્યારે આ શાસ્ત્રો 'ફિટ' થતા નથી, સમજાતા નથી, અને પારિભાષિક શબ્દોયે નથી સમજાતા, અને માણસોનું ગજુંયે નથી એ કરી શકવાનું.

## અક્રમ વિજ્ઞાન છે સૈદ્ધાંતિક

હવે આ જ્ઞાન દબાઈ જવાનું નથી. ગમે તેમ કરશે તોય ખુલ્લું રહેશે આ. કારણ કે આખું દબાઈ ગયેલું જ્ઞાન ઊભું થયેલું છે આ. જ્ઞાન તો ચાલ્યું આવતું હતું તે જ, જ્ઞાનમાં ફેર નહીં. સ્વતંત્ર સિદ્ધાંત, પૂરોય સિદ્ધાંત ! ને બધા પડ ખુલ્લા કરી નાખ્યા. ઘણા પડ દબાયેલા હતા, તે બધા ખુલ્લા કરી નાખ્યા. એટલે આ છે તે આઉટ ઑફ સ્ટાન્ડર્ડ કહેવાય. આઉટ ઑફ સ્ટાન્ડર્ડ એટલે વિજ્ઞાન કહેવાય. અને વિજ્ઞાન એટલે મોક્ષમાર્ગ કહેવાય.

અને પાછું આ વિજ્ઞાન બુદ્ધિને ગાંઠતું નથી એય એક અજાયબી જ છે ને, પાછી. ગમે તેવા બુદ્ધિશાળીને ગાંઠતું જ નથી. બધા જ્ઞાન બુદ્ધિને ગાંઠે. બુદ્ધિ એ જ્ઞાનને તોડી પાડે. પણ આ વિજ્ઞાન તો બુદ્ધિને ગાંઠતું જ નથી. એટલે ઘણાય બુદ્ધિશાળીઓ આવેલા, તે બુદ્ધિથી એને આમ 'એ' કરવા ગયેલા. મેં કહ્યું, 'નહીં ગાંઠે, આ તમારી બુદ્ધિ પાછી પડી જશે.' કારણ કે બુદ્ધિ લિમિટવાળી હોય અને આ તો અનલિમિટેડ વિજ્ઞાન ! અક્રમ વિજ્ઞાન છે આ તો ! ને પેલું ક્રમિક માર્ગનું જ્ઞાન તો બુદ્ધિને ગાંઠે. એમાં વિરોધાભાસેય હોય, ક્રમિક માર્ગમાં. પણ એ સાપેક્ષ વિરોધાભાસી હોય. અને આ 'અક્રમ'માં વિરોધાભાસ નહીં. એક જ સિદ્ધાંત આ તો !

આપણું વિજ્ઞાન તો ચોગરદમથી તાળો મળે એવું છે. બીજે વિરોધાભાસ જડે, પણ આમાં

વિરોધાભાસ ના જડે. અને આ તો એક્ઝેક્ટનેસ ને ! આટલા આટલા અઠ્ઠાવીસ વર્ષથી પ્રશ્ન પૂછે પણ એકુંય વિરોધાભાસ શબ્દ મહીં નથી.

બાકી કોઈ પુસ્તક લાવો, એટલે હું એ કહી આપું કે ચોથે જ પાને એનું વિરોધ કરતું હોય. પણ વાંચનારને ખબર ના પડે. એવી જાગૃતિ હોય નહીં ને ! અને મને તો પહેલે પાને શું લખ્યું છે એ ખ્યાલ હોય. આ વાક્ય કોને ટેકો આપી રહ્યું છે ને કોને ગોદો મારે છે, એ બેઉ મને ખ્યાલ હોય.

પહેલા પાનાથી લખે, પહેલું વાક્ય લખે, તેને બીજું વાક્ય હેલ્પ કરે. પહેલા વાક્યને કોણ હેલ્પ કરે ? બીજું વાક્ય હેલ્પ કરે. બીજાને કોણ હેલ્પ કરે ? ત્રીજું વાક્ય. એવું પચ્ચીસ પાના સુધી હેલ્પવાળું લખી લાવે. એ અવિરોધાભાસ કહેવાય. ત્યારે જગતના પુસ્તકો કેવા હોય ? પહેલા પાને લખેલું હોય પછી કંઈ એવું જ વાક્ય મૂકે, તે પચ્ચીસેય પાના ઊડી જાય. એટલે વિરોધાભાસ હોય ત્યાં !

એટલે આ અક્રમ વિજ્ઞાન આખું સૈદ્ધાંતિક સ્વરૂપે છે. જ્યાંથી પૂછો ત્યાં સિદ્ધાંતમાં જ પરિણમે. કારણ કે સ્વાભાવિક જ્ઞાન છે આ. કોઈ પણ વસ્તુ જ્ઞાનમાં આવેલી, ફરી એ વસ્તુ અજ્ઞાનમાં ન જાય. દરેકના સિદ્ધાંતને હેલ્પ કરી કરીને સિદ્ધાંત આગળ વધતો જાય ને કોઈનોય સિદ્ધાંત તોડે નહીં. વિરોધાભાસ ઉત્પન્ન ના થાય.

## વીતરાગોનો સિદ્ધાંત

એટલે વીતરાગોનો સિદ્ધાંત કેવો હોય ? અવિરોધાભાસ. આગળ જે વીતરાગ થઈ ગયા, તેમનો જ સિદ્ધાંત છે આ. આ કંઈ જ્ઞાન નવું ઉત્પન્ન થતું નથી અને જૂનું જતું નથી. એનું એ જ જ્ઞાન ચાલ્યા કરે છે.

સિદ્ધાંત એટલે, જડભાવો અને ચેતનભાવો, જે ભગવાને જોયા એને સિદ્ધાંત કહેવાય. હા, જડ અને ચેતન નહીં, જડભાવો અને ચેતનભાવો એ જ અવલોક્યા. બાકી ભાવો તો રહેવાના જ. એ ભાવોનું ભાન નથી થાય એવું, બળ્યું !

## જ્ઞાની બંધાયા ખુલાસા આપવા

અબજ રૂપિયા આપવાથી આમાંનો એક અક્ષર સાંભળવાનો નહીં મળે. આ પરપોટો (જ્ઞાની પુરુષ) જીવે છે ત્યાં સુધી કામ કાઢી લો, પછી અક્ષરેય સાંભળવાનો મળે નહીં. આ બધાને તો હજી પચશે ત્યારની વાત છે ને ! બાકી પચવું સહેલું નથી. પોતાને ફાયદો થઈ જાય, સિદ્ધાંત હાથમાં આવી જાય. પણ પચ્યા પછી ઊગે, એ તો વાત જ જુદી ને ! ઉગશે થોડુંઘણું પણ તે આવું ના ઉગે ને ! આવી અજાયબી ના ઊગે ! એટલે થોડુંઘણું ઊગશે, અમારા આશીર્વાદ છે. અમે આશીર્વાદ હઉ આપીએ !

જ્ઞાનીની વાણી સાંભળ સાંભળ કરવાથી પ્રગટે. આ જ્ઞાનીની પાસેની સીધી વાણી ડીરેક્ટ સાંભળવાથી એ મહીં પચન થાય અને તો પ્રગમે. પ્રગમીને પોતે જ સ્વભાવિક રીતે ફણગા મારે. જો એમાંથી ડહાપણપૂર્વક નિહાળ્યા કરે તો. બાકી એને નિહાળવાની જ જરૂર છે !

આ બધી કેવળજ્ઞાનમય વાણી છે. કેવળજ્ઞાન કોને કહેવાય ? બુદ્ધિ જ્યાં એન્ડને પામે, મતિજ્ઞાન જ્યાં એન્ડને પામે. મતિજ્ઞાન જ્યાં એન્ડને પામે ત્યાં કેવળજ્ઞાન ઊભું રહ્યું છે. એ પ્રકાશ કેવળજ્ઞાનથી જ ઉત્પન્ન થયેલો પ્રકાશ છે.

એટલે આ દુનિયાની એક અજાયબી છે !

## પૂછી પૂછીને સમજી લો, જ્ઞાનને વિગતવાર

**પ્રશ્નકર્તા :** ઘણી વખત એવો પ્રશ્ન થાય

કે આપના પરિચયમાં આવીને, અહીંયા હવે બીજું અમારે શું કરવાનું ?

**દાદાશ્રી :** એવું છે ને, તમારે જ્યાં અટક્યું હોય, તે જ્ઞાન અહીં જાણી લેવાનું. પણ એ સંજોગ રોજ ના નીકળે. એ જ્ઞાન, એ વાણી એવી વસ્તુ નથી કે તમે હમણે કાઢવા જાવ તો નીકળે. કારણ કે આ વાણી એ રેકર્ડ છે. જેટલી રેકર્ડ નીકળતી હોય એટલી નીકળે. એટલે પછી જેટલો વધુ ટાઈમ તમે અહીં આવો, તો ત્યારે એ વાત નીકળે. તે જ્ઞાન તમને મળે તે દહાડે.

પોતાની સેફસાઈડ માટે સમજી લેવાનું છે અહીં આગળ. અમે જે કહીએ ને, તેય પૂરેપૂરું ના સમજાય, બળ્યું. પોતાની ગરણી હોય એ પ્રમાણે ગાળે.

**પ્રશ્નકર્તા :** આપણે જેટલું સમજતા હોઈએ, એને સાચું માની લઈએ તો પછી ઊલટું ના થાય ?

**દાદાશ્રી :** સાચું માની ના લેવાય. પોતાના મનમાં જે લાભ થાય એ સાચો. અને કો'કને તો આ જવાબ ના અપાય.

**પ્રશ્નકર્તા :** કો'કને માટે નહીં, પોતાને માટે પૂછાય ને ?

**દાદાશ્રી :** અહીં બધું પોતાને માટે સમજવાનું. પણ તે જેટલી સમજણ પડે તેટલી સાચી. ગરણી જેવી હોય તે પ્રમાણે સમજણ પડે. એટલે પોતાના માટે પૂછપરછ કરીને સમજી લેવાનું. 'આ શું છે, મારે સમજવું છે. મને આ હરકત આવી.' તે બધું સમજી લેવાનું.

આ જ્ઞાન ઝીણવટથી સમજી લેવું પડે. કારણ કે આ જ્ઞાન કલાકમાં આપેલું છે. કેવડું મોટું જ્ઞાન, તે એક કરોડ વર્ષે જે જ્ઞાન ના થાય એ એક કલાકમાં જ્ઞાન થાય છે ! પણ બેઝિક થાય છે, તે પછી વિગતવાર સમજી લેવું પડે ને ? એ વિગતવારથી સમજવા માટે તો તમે મારી પાસે બેસો ને પૂછપરછ કરો, ત્યારે હું તમને સમજાવું. એટલે અમે કહીએ છીએ ને કે સત્સંગની બહુ જ જરૂર છે. તમે જેમ જેમ અહીં આગળ આંકડા પૂછતા જાવ ને, તે આંકડા મહીં ખૂલતા જાય.

**પ્રશ્નકર્તા :** અમુક વાણી જે નીકળે છે ને, તે ફરી સમજવા માટે પૂછી લેવી જોઈએ.

**દાદાશ્રી :** એ તો જેને ખૂંચે, તેણે પૂછી લેવી. મારે નીચે કાંકરો ક્યાંથી આવે છે ? બાકી બધાને રસ્તે ચઢાવવાના છે ને ! પાછળ પડી ગયો હોય તેનેય.

### ન્હોય આ મારી વાણી

**પ્રશ્નકર્તા :** આપ જે વાણી બોલો છો, એ બહુ ગજબની નીકળે છે.

**દાદાશ્રી :** આ તો ટેપરેકર્ડ છે ને ! હું તો જ્ઞાતા-દ્રષ્ટા છું ને ! ગજબની વાણી નીકળે, તે તમારે જાણવાની ! મારે ગજબની છે કે નહીં એવું જાણવાનું હોય જ નહીં ને ! આ ટેપરેકર્ડ, તેમાં મારે શું લેવાદેવા ? મેં શું કર્યું આમાં ? અમે તો વીતરાગ છીએ. એમાં મારું જો કર્તવ્યપણું હોય તો મને મીઠાશ આવે. હું બોલ્યો હોઉં તો મને મીઠાશ આવે કે હા, કેવું સરસ બોલ્યો ! તમને ગમ્યું કે ના ગમ્યું ? એવું પૂછ-પૂછ કરું. પણ જુઓ આ વાણી, માલિકી વગરની વાણી તો જુઓ ! એક કલાક સાંભળે ને, તો એની મુક્તિ થઈ જાય, જો સાચા દિલથી સાંભળે તો !

વીતરાગ વાણી આત્મરંજન કરાવનારી હોય, આત્મા ઠારે. પક્ષીય વાણી એ મનોરંજન કરાવનારી હોય. વીતરાગ વાણી આપણને એમ લાગે કે આ

નવી જ વાત છે. કોઈ દહાડો ક્યારેય સાંભળેલી ના હોય એવી અપૂર્વ વાત લાગે.

જગતના લોકો પ્રમાણ વાક્ય કોને કહે છે ? જેટલી વીતરાગતા એટલું એનું વાક્ય પ્રમાણ કહેવાય. જેટલા અંશે વીતરાગતા હોય, એને જગતના લોકો પ્રમાણ વાક્ય કહે. આપણામાં કોઈ લવાદ હોય, એ લવાદેય અમુક અંશે વીતરાગ કહેવાય. તોય એને પ્રમાણ કહેવામાં આવે છે ને ! તો આ વીતરાગનું તો ધર્મની બાબતમાં સર્વ રીતે કબૂલ કરવામાં આવે. બીજી બધી હરેક બાબતમાં પ્રમાણ કરવામાં આવે. એટલે જગતના લોકો બધાય માને એવી વાણી આવી ગઈ, એટલે સરવૈયું પૂરું થઈ ગયું.

આ વીતરાગ વાણી એ મોટામાં મોટું ઔષધ ! સર્વ દુઃખ મટાડવાનું ઔષધ ! સર્વ દુઃખનો ક્ષય કરવાનો માર્ગ એ વીતરાગ વાણી.

### ભાવથી પડે સ્યાદ્‌વાદ વાણીના કૉઝિઝ

એટલે વાણી એ તો મુખ્ય વસ્તુ છે. માણસની વાણી બદલાય નહીં. એ બદલાતા તો ઘણો ટાઈમ લાગે. વાણી બદલાય ત્યારે સ્યાદ્‌વાદ વાણી થાય. ત્યારે જગત એને કહે કે આ જ્ઞાની પુરુષ છે. ત્યાં સુધી વાણી બદલાયા કરશે. ધીમે ધીમે મહીં જેમ પરમાણુ ફરશે, તેમ એ વાણી પોતે બદલાયા કરશે. પહેલી માઈલ્ડ થતી સુંવાળી થતી જશે, રેશમી થતી જશે.

**પ્રશ્નકર્તા :** ભાવ એવા કર્યા હોય કે આવી સ્યાદ્‌વાદ વાણી પ્રાપ્ત હો, આવી મધુરી વાણી પ્રાપ્ત હો, તો તે ભાવ જ એવી વાણીની રેકર્ડ કાઢે ને ?

**દાદાશ્રી :** ના, એવું નહીં. વાણી તો આપણે ભાવથી એવી માંગણી દરરોજ કરવાની કે મારી વાણીથી કોઈને પણ દુઃખ ના હો અને સુખ હો. પણ એકલી માંગણી જ કરવાથી કશું ના વળે. એવી વાણી ઉત્પન્ન થાય, એના 'કૉઝિઝ' કરવાના. તેથી તેવું ફળ આવે. વાણી એ ફળ છે. સુખ દેવાવાળી વાણી નીકળે, એટલે એ મીઠી થતી જાય અને દુઃખ દેવાવાળી વાણી કડવી થતી જાય. પછી પાડા બોંગડે ને એ બોંગડે, બેઉ સરખું લાગે.

### કલમોની ભાવનાનું ફળ, સ્યાદ્‌વાદ વાણી

આ '(નવ) કલમો'માં કરવાનું કશું કહ્યું નથી અમે. એવી કલમ ખોળી કાઢો, એકુંય કલમમાં કરવાનો શબ્દ આવ્યો હોય તો. આ અક્રમ વિજ્ઞાનના આધારે છે.

**પ્રશ્નકર્તા :** એવી શક્તિ આપો, એટલે શક્તિ આપો એવું કરવાનું ને ?

**દાદાશ્રી :** ના, કરવાનું નથી. કરવાનું હોય તો તપાસ કરી જુઓ. એ વાક્યની રચના કેવી, કે કરવાપણાનો મહીં ભાવ જ ના આવે.

મૃદુ-ઋજુ ભાષા કરવાની નથી. તું આવી ભાવના ભાવ, કહીએ. અત્યારે એ કઠોર બોલતો હોય તેની જોડે આપણે મૃદુ-ઋજુ કરવા જઈએ તો મૂરખ બનીએ. કઠોર સામે કઠોર થતી હોય પણ ભાવના આ કરો, કહે છે. ભાવના સહેલામાં સહેલી વસ્તુ, અહંકારનો કેફ ચઢે નહીં અને પેલું તો 'કરો.' એટલે કહેશે, 'કરું.' એટલે થઈ ગયો કર્તા.

**પ્રશ્નકર્તા :** દાદા, એવી વાત ખરી કે ભાવ કરવાથી પાત્રતા વધે ?

**દાદાશ્રી :** ખરો પુરુષાર્થ જ ભાવ છે. આ (ક્રિયા) બધી કશું નહીં. આ કર્તાપદ એ તો બંધન પદ છે અને આ ભાવ એ છે તે છોડાવનારું પદ છે.

**પ્રશ્નકર્તા :** ભાવ એ છોડાવનારું પદ છે ?

**દાદાશ્રી :** હં, અને કર્તાપદ બધું બંધન

પદ છે. 'આમ કરો ને તેમ કરો ને ફલાણું કરો ને ફલાણું કરો', તે લોક બંધાયા ને ! ખરેખરા સજ્જડ બંધાયા છો ને ? લોક બંધાયેલા છે એવું તમે નથી જોયેલું ?

**પ્રશ્નકર્તા :** આ કાળમાં અત્યારે નવ કલમોની ખૂબ જરૂરિયાત છે.

**દાદાશ્રી :** એટલા માટે તો આપણે (આ આપીએ) છીએ બધાને.

**પ્રશ્નકર્તા :** એ નવ કલમો વાંચે તો વાંચતા વાંચતા ઑટોમૅટિક એને સમજ ઊભી થઈ જાય એવું છે.

**દાદાશ્રી :** હા, કારણ ગમે તે માણસ હોય તોય એને ફિટ થાય એવું છે.

આ કાળના હિસાબે લોકોને શક્તિ નહીં. આ જેટલી શક્તિ છે એટલું જ આપ્યું છે. આ નવ કલમો એ આખી જિંદગી અમે પાળતા આવેલા, તે આ મૂડી છે. એટલે આ મારો રોજિંદો માલ, તે બહાર મૂક્યો. તે છેવટે પબ્લિકનું કલ્યાણ થાય એટલા સારું. નિરંતર કેટલાય વર્ષોથી, ચાલીસ-ચાલીસ વર્ષથી આ નવ કલમો દરરોજેય મહીં (અમારે) ચાલ્યા જ કરે છે. એ પબ્લિક માટે મેં મૂક્યું.

**પ્રશ્નકર્તા :** આ વાંચ્યું ને બધું, જબરજસ્ત વાત છે આ તો ! નાનો માણસેય સમજી જાય તો આખી જિંદગી એની સુખમય જાય.

**દાદાશ્રી :** હા, બાકી સમજવા જેવી વાત જ એને મળી નથી. આ પહેલી વખત ચોખ્ખી સમજવા જેવી વાત મળે છે. હવે એ મળે એટલે ઉકેલ આવી જાય.

**પ્રશ્નકર્તા :** જે ઊંધો વ્યવહાર બની જાય છે, એની પાછળ કારણ ફેરવવા માટે આ જબરજસ્ત ઉપાય છે.

**દાદાશ્રી :** મોટો પુરુષાર્થ, જબરદસ્ત. એટલે આ મોટામાં મોટું અમે ખુલ્લું કર્યું, પણ હવે લોકોને મહીં સમજણ પડવી જોઈએ ને ! એટલે પછી અમે ફરજિયાત કર્યું કે આટલું તો તમારે કરવાનું. ભલે સમજણ ના પડે પણ પી જાને, કહીએ. એની મેળે શરીર સારું થશે. ભલે ને, ઉધરસ થયેલી પણ તારું શરીર તો સારું થશે જ.

**પ્રશ્નકર્તા :** અંદરના રોગ ખલાસ થઈ જાય બધા, સંસાર રોગ ખલાસ થઈ જાય.

**દાદાશ્રી :** ખલાસ થઈ જાય.

આખા સંસારના સાર રૂપે લખ્યું બધું. આ એવું છે ને, કે બાળકોના હાથમાં મેં રતન આપ્યું છે. કોઈ સમજનારાના હાથમાં ગયા હોય ને, તો કૂદે આ જોઈને. કૂદતો કૂદતો વાંચે કે મારા ધનભાગ્ય !

આ નવ કલમો શું છે ? શાસ્ત્રની નથી આ. અમે જે પાળીએ છીએ, તે પણ કાયમના અમારા અમલમાં જ છે, એ તમને કરવા માટે આપીએ છીએ, શક્તિ માંગવા માટે. આ પ્રમાણે અમારું વર્તન હોય. હા, આ નવ કલમો, અમે એમાં નિરંતર વર્તેલા હોય એ પહેલા. ત્યાર પછી જ્ઞાન થયેલું મને અને પછી આપણા મહાત્માઓએ પૂછયું, તમારું કશું આપો ને ! ત્યારે મેં કહ્યું, હું આમાં વર્તેલો હતો, ત્યારે જ મને આ જ્ઞાન પ્રગટ થયું. એટલે પછી એ વાત નીકળી છે.

આપણે સ્યાદ્વાદ વાણી માગીએ છીએ, એવી વાણી આપણને ધીમે ધીમે ઉત્પન્ન થશે. હું જે વાણી બોલું છું ને, એ આ ભાવનાઓ ભાવવાથી જ મને આ ફળ મળેલું છે.

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના સત્સંગ કાર્યક્રમો અડાલજ

**૧૧ ઓગષ્ટ** (ગુરુ) સવારે ૧૦ થી ૧૧ - **રક્ષાબંધન નિમિત્તે પૂજ્યશ્રીની હાજરીમાં કાર્યક્રમ**

**૧૩ ઓગષ્ટ** (શનિ) સાંજે ૪-૩૦ થી ૭ - સત્સંગ

**૧૪ ઓગષ્ટ** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૧૯ ઓગષ્ટ** (શુક્ર) રાત્રે ૧૦ થી ૧૨-૧૫ - **જન્માષ્ટમી નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૨૩ ઓગષ્ટ** (મંગળ) - સવારે ૧૦ વાગ્યાથી **પૂજ્યશ્રીના દર્શનનો વિશેષ કાર્યક્રમ**

**પર્યુષણ પારાયણ - ૨૪ થી ૩૧ ઓગષ્ટ : આપ્તવાણી ૧૪ ભાગ-૩** ગ્રંથ પર **પારાયણ - સત્સંગ - સામાયિક** સવારે ૧૦ થી ૧૨-૩૦, સાંજે ૪-૩૦ થી ૭

**નોંધ :** આપ્તવાણી ૧૪ ભાગ-૩ પેજ નં ૪૪થી વાંચન, 'પ્રતિષ્ઠિત સાથે ડીલ કરો આમ' હેડિંગથી.

(૧) પારાયણમાં ભાગ લેવા **'AKonnect'** દ્વારા અથવા પોતાના સેન્ટરમાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**પારાયણ શિબિરના સત્સંગો આપ નીચેના માધ્યમો દ્વારા ઘેર બેઠા માણી શકશો :**

- **મોબાઈલમાં** AKonnect, Dadabhagwan **એપ દ્વારા**
- **વેબસાઈટ** dadabhagwan.tv **દ્વારા**
- **દાદા ભગવાન ફાઉન્ડેશનની** YouTube **ચેનલ દ્વારા**

---

### દાદાવાણીના વાર્ષિક/૧૫ વર્ષના મેગેઝિનના સભ્યો માટે સૂચના

આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપને ત્યાં આવેલ દાદાવાણીના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. DGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ-૨૦૨૮માં પૂરું થાય છે.

---

### દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાં આવશે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## ડલ્લાસ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૧-૨ જુલાઈ ૨૦૨૨



## ફિનિક્સ : ઈંગ્લીશ શિબિર : તા.૪ થી ૬ જુલાઈ ૨૦૨૨



## ફિનિક્સ : ગુરુપૂર્ણિમા મહોત્સવ : તા.૮ થી ૧૪ જુલાઈ ૨૦૨૨



ઓગસ્ટ ૨૦૨૨
વર્ષ-૨૭, અંક-૧૦
સળંગ અંક-૩૨૪

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## સ્યાદ્વાદ વાણી કોઈનેય હરકત ના કરે તેવી હોય

'જ્ઞાની પુરુષ'ની વાણી ઉલ્લાસભેર સાંભળ સાંભળ કરે તેથી તેવી વાણી થતી જાય. ખાલી નકલ કરવાથી કશું વળે નહીં. બધા જ કર્મોનો ક્ષય થાય, ક્રોધ-માન-માયા-લોભનો ક્ષય થાય ત્યારે સ્યાદ્વાદ વાણી નીકળે. આત્માનો સ્પષ્ટ અનુભવ થયો હોય તો જ એ નીકળે, ત્યાં સુધી બધી બુદ્ધિની વાત, વ્યવહારની વાત ગણાય. સ્યાદ્વાદ વાણી ક્યારે ઉત્પન્ન થાય ? અહંકારની ભૂમિકા પૂરી થાય ત્યારે. જગત આખું નિર્દોષ દેખાય, કોઈ દોષિત દેખાય જ નહીં ! અમને ચોર પણ દોષિત ના દેખાય. કારણ કે દરેક પોતપોતાના ધર્મમાં છે. કોઈ પણ ધર્મનું પ્રમાણ ના દુભાય એ સ્યાદ્વાદ વાણી સંપૂર્ણ હોય. દરેકની પ્રકૃતિ જુદી જુદી હોય, તોય સ્યાદ્વાદ વાણી કોઈની પણ પ્રકૃતિને હરકત ના કરે.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.